# સોલાર બેટરીની આયાત પર અંકુશથી નાના ઉત્પાદન એકમોનો કચ્ચરઘાણ, વીજળી મોંઘી

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

ખાનગી વીજ ઉત્પાદકોને ફાયદો કરાવવા માટે ભારત સરકાર સોલાર પાવર પર કેન્દ્ર સરકાર ૧૦ ટકા આયાત ડ્યૂટી લગાડી બેઠી છે. આમ વીજ ઉત્પાદકોએ ૧૦ ટકાની બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી ઉપરાંત સોલાર પાવરની આયાતી બેટરી પર ૧૮ ટકાનો તોતિંગ ઈન્ટીગ્રેટેડ જીએસટી-આઈજીએસટી પણ ચૂકવવો પડી રહ્યો છે. ૧૮ ટકા આઈજીએસટી ઉપરાંત આઈજીએસટી પર ૧૦ ટકાનો સામાજિક કલ્યાણ ટેક્સ પણ વસૂલવામાં આવે છે. સરકારની આ નીતિને પરિણામે જ વીજ વપરાશકારોને સસ્તી વીજળી મળતી નથી. પ્રજાએ યુનિટદીઠ રૂ. ૮થી વધુના ભાવની વીજળી ખરીદવાની ફરજ પડી રહી છે. તેનો ફાયદો મોટા વીજ ઉત્પાદન એકમોને મળી રહ્યો છે.

## સોલાર વીજળીનો વેડફાટ અટકાવવા માટે સરકાર ૧૦ ટકા કસ્ટમ્સ ડ્યૂટી અને ૧૮ ટકા જીએસટી નાબૂદ કરે : આયાતને સંપૂર્ણ ટેક્સ મુક્ત કરે

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે ગ્રીડ-સ્કેલ અને સ્ટેશનરી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ઉપર ૧૦ ટકા બેઝિક કસ્ટમ્સ ડ્યુટી નાખી છે. ઉપરાંત ૧૮ ટકા આઈજીએસટી અને આઈજીએસટી ઉપર ૧૦ ટકા સામાજિક કલ્યાણ સરચાર્જ નાખ્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ અને નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયે ડેન્જરસ ગુડ્સ રેગ્યુલેશન ૨૦૨૬ હેઠળ જાન્યુઆરી ૨૦૨૬થી લિથિયમ-આયન બેટરી સેલ્સની આયાત માટે આકરો ડિજિટલ યુએન ૩૮.૩ ટેસ્ટ સમરી અને ક્વોલિટી કમ્પ્લાયન્સ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. તેથી જ યોગ્ય પ્રમાણપત્ર વગરના બેટરી કન્ટેનર પોર્ટ પરથી ક્લિયર કરવામાં આવતા નથી. ૩૮.૩ ટેસ્ટ સમરી એક આંતરરાષ્ટ્રીય સુરક્ષા પ્રમાણપત્ર છે. તેનો અર્થ એ થાય કે જે બેટરી મંગાવવામાં આવી રહી છે, તે બેટરીનો ડિજિટલ ફોર્મેટમાં સેફ્ટી ટેસ્ટ થયેલો છે.

ભારત સરકારના નીતિગત અંકુશો અને આયાત ડ્યુટીના કારણે ગુજરાતની ગુજરાત ઊર્જાવિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત સ્ટેટ એનર્જી કોર્પરેશન લિમિટેડ તથા સોલાર પાવરના ખાનગી વીજઉત્પાદકોની ઉત્પાદકોની વીજળીનો બેફામ વેડફાટ થઈ રહ્યો છે. આયાતી બેટરી પરની બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી, આઈજીએસટી તથા સામાજિક કલ્યાણ સેસને કારણે સો મેગાવોટ તથા ૪૦૦ મેગાવોટ અવર્સના બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટના પડતર ખર્ચમાં સીો રૂ. ૬૦ થી રૂ. ૮૦ કરોડનો વધારાનો બોજ પડે છે. પરિણામે સસ્તી અને પ્રદિષણ મુક્ત સોલાર પાવરની પ્રોડક્શન કોસ્ટ ઉપર જઈ રહી છે.

બીજું, સ્થાનિક સ્તરે હજુ પણ પૂરતા પ્રમાણમાં લિથિયમ આયર્ન ફોસ્ફેટ સેલ બનતા નથી, જેના કારણે પ્રોડ્યુસર્સે આયાત કરવી જ પડે છે. એક મેગાવોટના સ્ટોરેજ માટેની બેટરી આયાત કરવાની અંદાજિત પડતર કિંમત રૂ. ૧.૧૦ કરોડની આસપાસની પડે છે. આ બેટરી મેગાવોટ અવર્સ પ્રમાણે કામ કરે છે. તેમાં એક કલાક સુધી એક મેગાવોટના ફૂલ ફોર્સથી વીજળીનો સપ્લાય આપી શકાય છે. પરંતુ બે પાંચ મેગાવેટના સોલાર પાવરના ઉત્પાદકોને આ ખર્ચ પરવડતો ન હોવાથી તેઓ બેટરીના આયાત કરી શકતા નથી.

### મોટી વીજ કંપનીઓને લાભ કરાવવા નાની સોલાર પાવર કંપનીઓના વિકાસના માર્ગમાં રોડાં નાખી રહેલી સરકાર

**દંડની સરકારી નીતિઓ પણ જોખમી**

સરકારે કરેલા પાવર પરચેઝ એગ્રીમેન્ટમાં નક્કી કરેલાં કેપેસિટી યુટિલાઈઝેશન ફેક્ટર એટલે કે વાર્ષિક મિનિમમ ૨૫ ટકાથી ટકા કરતાં ઓછું વીજ ઉત્પાદન થાય, તો કરાર મુજબ પાવર પ્રોડ્યુસરે વીજ વિતરણ કંપનીને થયેલા નુકસાનની ભરપાઈ રૂપે દંડ ચૂકવવો પડે છે. બીજીતરફ મંજૂર થયેલ ક્ષમતા કરતાં વધુ મોડ્યુલ લગાવીને વીજળી ગ્રીડમાં ફીડ કરવા બદલ જર્ક-ગુજરાત વીજ નિયમન પંચના નેટ-મીટરિંગ નિયમો હેઠળ દંડની આકરી આકારણી અને બિલિંગ એડજસ્ટમેન્ટ કરવામાં આવે છે. સોલાર પાવરના ઉત્પાદકોને સપ્લાય ઘટાડે તો પણ તેમને દંડ કરવામાં આવે છે.

આ અંગે ગુજરાત સરકારની વીજ કંપનીઓના કોમર્શિયલ હેડ કમલેશ જાંગીડને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે તેમણે સરેરાશ ૨૫ ટકાનો સપ્લાય આપવો ફરજિયાત છે. તેનાથી ઘટે તો તેમના યુનિટદીઠ સપ્લાય રેટના ૨૫ ટકા એટલે કે યુનિટના ભાવ રૂ.૩ નક્કી થયા હોય તો ૭૫ પૈસાનો યુનિટદીઠ દંડ કરવામાં આવે છે. તેમને સપ્લાય ઘટાડવાનો આદેશ આપવાની સત્તા જીયુવીએનએલ પાસે છે જ નહિ. સ્ટેટ લેવલ ડિસ્પેચ સેન્ટર વીજ વિતરણ લાઈનની ફ્રિક્વન્સી ૪૯.૫થી ૫૦.૦૫મા રેન્જ જળવાઈ રહે તે માટે જ થોડા થોડા સમય માટે સપ્લાય પર કાપ મૂકે છે. સોલાર પાવર પ્રોડ્યુસરને આખા દિવસ માટે ૭૦ ટકા કાપ નહિ, પરંતુ બપોરે અગિયારથી અઢી વાગ્યાના અરસામાં કાપ મૂકવામાં આવે છે. કારણ કે વીજવહન કરતી ગ્રીડમાં ૪૯.૫થી ૫૦.૦૫થી વધુની ફ્રિક્વન્સી ન થવી જોઈએ. આ ફ્રિક્વન્સી જાળવી રાખવા અને ગ્રીડની કામગીરી ખોરવાઈ ન જાય તે માટે કાપ મૂકવામાં આવે છે. જોકે આ સમસ્યાનો પણ ઉકેલ લાવવા માટે ગુજરાત સરકાર સોલાર બેટરી માટેની નવી યોજના લઈને આવી રહી છે. આગામી ડિસેમ્બરના અરસામાં આવનારી નવી યોજનાને પરિણામે આ સમસ્યામાં ખાસ્સી રાહત મળી જશે.

કેન્દ્ર સરકાર પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ યોજના હેઠળ સ્થાનિક ગ્રીડ-સ્કેલ બેટરી ઉત્પાદનને પ્રોત્સાહન આપી રહી છે, પરંતુ દેશમાં હજુ સુધી જરૂરિયાત મુજબના સેલનું ઉત્પાદન સ્કેલ-અપ થવામાં સમય લાગી રહ્યો છે. પરિણામે આયાતી બેટરી પર નિર્ભર રહેવું પડે છે અને નીતિગત અંકુશોના લીધે મોંઘવારી સહન કરવી પડે છે. આયાતી બેટરી પર નિર્ભર રહેવું પડે તે ગાળા માટે સરકારે તેના પરની આયાત ડ્યૂટી રદ કરવી જોઈએ. તેમ જ તેના પર લેવાતો ૧૮ ટકા આઈજીએસટી અને આઈજીએસટી પર ૧૦ ટકા સોશિયલ વેલ્ફેર ટેક્સ વસૂલવાનું બંધ જ કરી દેવું જોઈએ.

### સોલાર બેટરી માટેની નવી નીતિની ગુજરાત સરકાર ડિસેમ્બરના અરસામાં જાહેરાત કરે તેવી સંભાવના



અધધ... કહી શકાય તેટલા માટીના ગરબા એક જ સ્થળે જોવા મળે તો કેવી ધન્યતાનો અનુભવ થાય... અમદાવાદ નજીકના કપડવંજ નજીક આવેલા ઘડિયા ગામે વહાણવટી માતાના મંદિરે નવરાત્રિ દરમ્યાન હજારોની સંખ્યામાં માટીના ગરબા આવતા હોય છે. મંદિર પ્રાંગણમાં માટીનો ડુંગર ખડકાયો છે ત્યારે હવે તેની આસપાસ પણ નવા અસંખ્ય ગરબા પથરાયેલા જોવા મળે છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

**સોલા રોડ ઉપર રાત્રે ૧૦ વાગ્યે લોકોના ટોળાં એકત્ર થયાં**

# દારૂ ઢીંચી સર્પાકારે કાર દોડાવતા એરપોર્ટ કર્મચારીને લોકોએ ઝડપ્યો

અમદાવાદ, બુધવાર

મંગળવારે રાતે સોલા રોડ ઉપર બેફામ ગતિ અને સર્પાકારે દોડાવાતી કાર સ્પીડ બ્રેકર આવતાં ધીમી પાડવામાં આવતાં જ પીછો કરતાં લોકોએ અટકાવી હતી. અકસ્માતનો ભય સર્જે તે રીતે દોડાવાતી કારનો ચાલક ઉભો પણ ન રહી શકે તે હદે દારૂ પીધેલો હતો. શરૂઆતમાં પોતે પોલીસ કર્મચારી હોવાનું કહેતો યતિન પટેલ નામનો યુવક એરપોર્ટ ઉપર ખાનગી સિક્યુરિટી કંપનીમાં હોવાનું અને સુરક્ષા કામગીરી સાથે સંકળાયેલો હોવાની વિગતો પોલીસ તપાસમાં ખુલી છે. બે બોટલ મળતાં ઘાટલોડિયા પોલીસે ગુરૂકુળ રોડના રહીશ યતિન પટેલ સામે બે ગુના નોંધ્યા છે.

## ગુરુકુળ રોડનો રહીશ : એરપોર્ટમાં સુરક્ષા કામગીરીમાં સામેલ યતિન પટેલ પોલીસ હોવાનું કહેતો હતો : બે બોટલો કબજે

ઘાટલોડિયા પોલીસને પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી મંગળવારે રાત્રે ૧૦-૧૦ વાગ્યે મેસેજ મળ્યો હતો કે, સોલા રોડ ઉપર પાર્શ્વનાથ જૈન મંદિર પાસે ડ્રીન્ક એન્ડ ડ્રાઈવ કરીને બેફામ ગતિએ કાર ચલાવતાં આઈ- ૧૦ કારના ચાલકો લોકોએ પકડ્યો હતો. પોલીસે સ્થળ ઉપર જઈને તપાસ કરતાં યતિન દિગેશભાઈ પટેલ (રહે. ૨૫- સનસેટ રોડ હાઉસ, ગુરૂકુળ રોડ) દારૂનો નશો કરેલી હાલતમાં મળી આવ્યો હતો. તેની કારની તલાશી લેતાં તેમાંથી દારૂની બે બોટલો પણ મળી આવી હતી. ૧૮૦ મિ.લી. દારૂની બે બોટલો મળતાં ઘાટલોડિયા પોલીસે ગેરકાયદેસર રીતે દારૂ રાખવા તેમજ દારૂ પીને ભયજનક રીતે કાર ચલાવવા અંગેના



બે ગુના નોંધ્યા છે. કાર કબજે કરવા સાથે યતિન પટેલની ધરપકડ પણ કરવામાં આવી છે.ઘાટલોડિયા પી.આઈ. પી.જે. પંડ્યાએ જણાવ્યું કે, યતિન પટેલ અમદાવાદ એરપોર્ટ ઉપર ખાનગી સિક્યુરિટીમાં સુરક્ષા કામગીરી કરે છે. યતિને એટલી હદે દારૂનો નશો કર્યો હતો કે ઉભો રહી શકતો નહોતો. શરૂઆતમાં પોતે પોલીસ કર્મચારી હોવાની વાત કરી ટોળાંની બધી વાતમાં હા ભણતાં યતિનનો દારૂનો દારૂનો નશો હળવો થયો પછી જાણકારી મળી હતી કે, તેમના ભાઈ, માતા અને પરિવારના અન્ય સભ્યો લંડનમાં રહે છે. એરપોર્ટથી નીકળી દારૂના નશામાં જ સોલા રોડ ઉપરથી ગુરૂકુળ રોડ ઉપર પેટ્રોલ પમ્પ સામેના રોડ ઉપર સર્પાકારે અને ભયજનક રીતે કાર દોડાવતાં લોકોએ ઝડપી પાડ્યો હતો. સદ્નસીબે કોઈને ઈજા પહોંચી નહોતી. ઘાટલોડિયા પોલીસે બે ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**પોર્ટર અને મોબાઈલ ધારકની જાગૃતતાથી પર્દાફાશ**

# 'પોર્ટર' એપ્લિકેશનથી ડ્રગની હેરાફેરી કરાતી હોવાનો ઘટસ્ફોટ

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં ડ્રગ્સની હેરાફેરી માટે હવે પોર્ટર એપ્લિકેશનનો દુરૂપયોગ થતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. એક પોર્ટર અને જેનો નંબર અપાયો હતો અને ડ્રગ્સ સાથે કંઈ લાગતું વળગતું નહોતું તેવા વ્યક્તિની જાગૃતતાથી પોર્ટરથી ડ્રગ્સની હેરાફેરીનો ઘટસ્ફોટ થયો છે. નરોડા પોલીસે ડ્રગ્સ મોકલનાર સરદારનગરના અમિત સિંધી અને ડ્રગ્સ મગાવનાર સાબરમતીના વેપારીને ઝડપી લઈ ડ્રગ્સની હેરાફેરી માટે નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે.

## ડ્રગ લેનાર તરીકે કોઈપણ નંબર આપી દેવામાં આવે: પોર્ટરનો નંબર મળે એટલે મુળ નંબર બંધ હોવાનું કહી ડ્રગ્સનો જથ્થો મંગાવી લેવાતો

નરોડા પોલીસને પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી સોમવારે રાત્રે ૯ વાગ્યાના અરસામાં મેસેજ મળ્યો હતો કે, નાના ચિલોડા સર્કલ પાસે ડ્રગ્સ વેચવાવાળાને પકડવામાં આવ્યો છે. પોલીસ ટીમે તપાસ કરતાં વિગતો ખુલી હતી કે, પોર્ટર ઓનલાઈન વર્કર વસંતભાઈ માધુભાઈ સોલંકી (રહે. જનતાનગર, ચાંદખેડા) પોર્ટર તરીકે વસ્તુઓ પહોંચાડવાનું કામ કરે છે. પોર્ટર એપ્લિકેશનથી મેસેજ આપવામાં આવ્યો હતો તે મુજબ, સતિષભાઈ નામના વ્યક્તિને ઈન્દિરા બ્રીજ સર્કલ પાસે કોઠારી હોસ્પિટલ પાસે એક પાર્સલ પહોંચાડવાનું હતું. ખરેખર તો, આ ઓર્ડર માટે સતિષભાઈ નામના વ્યક્તિના ફોનનો દુરૂપયોગ થયો હતો અને સતિષભાઈના નામે કોઈ વ્યક્તિએ ફોન કરીને પાર્સલ નાના ચિલોડા નજીક નરોડા ખાતે આપવાનું કહ્યું હતું. બીજી તરફ, જેમનો નંબર આપવામાં આવ્યો હતો તે સતિષભાઈએ ઓટીપી આવતાં પોર્ટર વર્કરને ફોન કર્યો હતો. પોર્ટર પાસેથી પાર્સલ મેળવીને ખોલીને જોતાં તેમાંથી ડ્રગ્સ જેવા પદાર્થની પડીકી મળી આવી હતી. આથી, સતિષભાઈએ પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી.

પોર્ટર એપ્લિકેશનનો ઉપયોગ કરી ડ્રગ્સની હેરાફેરી થતી હોવાનું જણાતાં નરોડા પી.આઈ. બી.એમ. કાતરિયા અને ટીમે તપાસ આરંભી હતી. એફ.એસ.એલ. ટીમની મદદ લઈને તપાસ કરતાં પડીકીમાં રૂા. ૧૫૪૦ની કિંમતનું ૦.૭૭ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું જણાઈ આવ્યું હતું. પોર્ટરના ડિલીવરી બોય વસંતભાઈ સોલંકીને પાર્સલ શંકાસ્પદ જણાતાં અને ડિલીવરી ગોતાના બદલે નાના ચિલોડા આપવાનું કહેવાતાં તેણે પાર્સલ ખોલીને જોતાં ડ્રગ્સ હોવાની શંકા જતાં પોલીસને જાણ કરી હતી.જેમના નામથી પોર્ટર બુક કરવામાં આવ્યું હતું તેવા લાકડાના વેપારી સતિષભાઈ સરાણિયાના મોબાઈલ નંબરનો દુરૂઉપયોગ કરાયાનું જણાઈ આવ્યું હતું. આથી, નરોડા પોલીસે ડ્રગ્સનો જથ્થો મોકલનાર અને જેમને આપવાનો હતો તેવા ત્રણ અજાણ્યા મોબાઈલ નંબરના ધારકો સામે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. નરોડા પોલીસે ડ્રગ્સ મોકલનાર સરદારનગરના અમિત સિંધી અને સાબરમતી વિસ્તારમાં ડ્રગ્સ મગાવનાર, વેપારી પ્રિયંક સંઘવીને પકડી પાડ્યા છે.પોલીસની તપાસમાં એવી વિગતો ખુલી છે કે, પોર્ટર એપ્લિકેશનથી ડ્રગ્સ પહોંચતું કરવા માટે લેનાર તરીકે કોઈપણ રેન્ડમ મોબાઈલ નંબર લખી નાંખવામાં આવતો હતો. ડ્રગ્સ મોકલનાર શખ્સને પોર્ટરના નંબરનો એસ.એમ.એસ. મળે એટલે ડ્રગ્સ લેનારને આ નંબર મોકલી અપાતો હતો.

### સરદારનગરના શખ્સે ડ્રગ મોકલ્યું અને સાબરમતીના વેપારીએ મંગાવ્યુ, બેની ધરપકડ

**વિસતથી તપોવન સર્કલ સુધી રસ્તો ડેવલપ થશે**

# ચાંદખેડામાં આઈકોનિક રોડ ઉપર ૧૦.૫૩ કરોડની સ્ટ્રીટ લાઈટ લાગશે

અમદાવાદ, બુધવાર

**અમદાવાદ શહેરમાં રોડ-રસ્તા, બ્રિજ, સફાઈ, ડ્રેનેજ, પાણી સહિતના નામે મ્યુનિ. દ્વારા બેફામ ખર્ચ કરાઈ રહ્યા છે. તેવામાં સામે આવતી વિગતો અનુસાર ચાંદખેડામાં ડેવલપ થનારા આઈકોનિક રોડ ઉપર ફક્ત સ્ટ્રીટ લાઈટ લગાવવા રૂ.૧૦.૫૩ કરોડની રકમ ખર્ચાશે!**

## વિજયશ્રી ઈલેક્ટ્રોમેક પ્રા. લિ.ને ૧૪.૦૪ ટકા ઓછા ભાવે કામ આપવા કમિટીમાં દરખાસ્ત

અમદાવાદના પશ્ચિમ ઝોનમાં આવેલા ચાંદખેડા વોર્ડમાં વિસત સર્કલથી તપોવન સર્કલ તરફ જતા રોડને આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવામાં આવશે. આ રોડ પર સ્ટ્રીટ લાઈટના પોલ લગાવવા સહિતની રૂ.૧૦.૫૩ કરોડની કામગીરી વિજયશ્રી ઈલેક્ટ્રોમેક પ્રા. લિ.ને આપવા ઈ-ગર્વનન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોર કમિટીમાં દરખાસ્ત મુકવામાં આવી છે. આ કામગીરી અંદાજ કરતા ૧૪.૦૪ ટકા ઓછા ભાવે આપવામાં આવી રહી હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. ફક્ત ૧૦.૫૩ કરોડ રૂપિયાનો ખર્ચ ફક્ત લાઈટ લગાવવા માટે થઈ રહ્યો હોય, ત્યારે રોડ માટે કેવડી તોતિંગ રકમ વપરાશે! તે ચર્ચાએ લોકોમાં જોર પકડ્યું છે.

**આંગડિયા કર્મી બેંકમાંથી રૂપિયા ઉપાડી પેઢીમાં જતો હતો**

# ઓઢવમાં કારમાં યુવકનું અપહરણ કરીને ગાંધીનગર લઈ જઈ રૂ. ૩૪ લાખની લૂંટ

અમદાવાદ, બુધવાર

**ઓઢવમાં આંગડિયા પેઢીના કર્મચારીનું કારમાં અપહરણ કર્યું હતું અને ગાંધીનગર ધોળાકૂવા પાસે લઈ ગયા બાદ તેની પાસેથી રૂા. ૩૪ લાખની લૂંટ ચલાવી હતી. આ બનાવ અંગે ઓઢવ પોલીસે અપહરણ અને લૂંટનો ગુનો નોંધ્યો હતો અને ક્રાઈમ બ્રાંચ સહિત પોલીસ ટીમો દ્વારા સીસીટીવી ફૂટેજ આધારે આરોપીઓને પકડવાની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે.**

## લૂંટારુ ટોળકીએ એક્ટિવા પર જતા યુવકનો પીછો કરી કારમાં ઉપાડી ગયા, સીસીટીવી ફૂટેજ આધારે તપાસ શરૂ

બાપુનગરમાં ડાયમંડ માર્કટ પાસે રહેતા કેતનભાઈ પરીખ બાપુનગરમાં સમજુબા હોસ્પિટલ પાસે આવેલી એન.આર.આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. તેઓ આજે સાંજે બેન્કમાંથી રૂપિયા ઉપાડ્યા હતા અને ઓઢવમાં રાજેન્દ્રપાર્ક બ્રિજ ઉપરથી પોતાની એક્ટિવા ઉપર પેઢીમાં આપવા જતા હતા. દરમિયાન બ્રિજ ઉપર અજાણ્યા બે શખ્સો દ્વારા તેને આંતરી પોતાની કારમાં અપરહરણ કર્યુ હતું.

કારને પૂરઝડપે ગાંધીનગર ધોળાકૂવા પાસે લઈ ગયા હતા અને રૂા. ૩૪ લાખની લૂંટ ચલાવીને લઈને જતા રહ્યા. પીઆઇ ઝીંઝુવાડીયાના જણાવ્યા અનુસાર પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટારુ ટોળકી યુવકનો પીછો કરતા હોવાની શંકા સેવાઈ રહી છે.

**અનેક વિવાદોમાં ફસાયેલ ડીન રૂપલ શાહ સેવામુક્ત**

# સરકારી ડેન્ટલ કોલેજના અધિક નિયામક તરીકે ડો.મેઘા અતીતને હવાલો સોંપાયો

અમદાવાદ,બુધવાર

એશિયાની સૌથી મોટી એવી અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલમાં ડેન્ટલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોકટરોની હડતાળ, રેસિડેન્ટ ડોકટરોને રૂમોની ફાળવણી નહી કરવાથી લઈ તેમના સ્ટાઈપેન્ડની રકમ અટકાવવા સહિતના આક્ષેપો અને વિવાદમાં સપડાયેલ સરકારી ડેન્ટલ કોલેજના ડીન વર્ગ-૧ એવા ડો. રૂપલ શાહને આખરે રાજ્ય સરકાર દ્વારા સેવામાંથી મુકત કરવામાં આવ્યા છે. સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ડો.મેઘા અતીત(ગોસ્વામી)ને ઈન્ચાર્જ નાયબ નિયામક(તબીબી શિક્ષણ)ને અધિક નિયામક(ડેન્ટલ) વર્ગ-૧નો હવાલો સોંપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આજે તાકીદના એક પરિપત્ર દ્વારા આ મહત્ત્વના નિર્ણયની જાહેરાત કરી હતી અને ડો.રૂપલ શાહને ડેન્ટલ કોલેજના ડીનની સેવામાંથી મુકત કરી ડો. મેઘા અતીત (ગોસ્વામી)ને અધિક નિયામક(ડેન્ટલ) વર્ગ-૧નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. સરકારે ડો.મેઘા અતીત(ગોસ્વામી)ની સ્વચ્છ પ્રતિભા, વહીવટી કુશળતા અને તેમની સારી કામગીરીને ધ્યાનમાં લઈને આ નિર્ણય લીધો હતો અને તાત્કાલિક અસરથી આ નવા નિર્ણયની અમલવારી કરવા પણ પરિપત્રમાં સ્પષ્ટ તાકીદ કરી હતી.

**મળતિયાઓ માટે ટેન્ડરની શરતોમાં ચોક્કસ ફેરફાર**

# અમદાવાદ શહેરમાં સ્ટ્રીટ લાઈટના કોન્ટ્રાક્ટમાં ૧૦૦ કરોડનું કૌભાંડ

અમદાવાદ, બુધવાર

અમદાવાદ શહેરમાં આવેલા સ્ટ્રીટ લાઈટના આશરે ૨.૨૨ લાખ પોલના પાંચ વર્ષના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સના કોન્ટ્રાક્ટ માટે બહાર પાડવામાં આવેલા રૂ.૪૦૦ કરોડના ટેન્ડરમાં ઓછામાં ઓછુ રૂ.૧૦૦ કરોડનું કૌભાંડ આચરવામાં આવશે. મળતિયાઓને કામ આપવા માટે છઠ્ઠી વખત બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં ચોક્કસ શરતોમાં ફેરફાર કરી દેવાયો છે.

## ૭૦થી ૮૦ માર્ગો પર કાયમી માટે અંધારપટનો સામનો કરી રહેલા શહેરીજનો : વિપક્ષનો આક્ષેપ

અમદાવાદ શહેરને એક તરફ સ્માર્ટ સિટી ગણાવવામાં આવે છે. પરંતુ શહેરમાં સ્ટ્રીટ લાઈટને લગતી સૌથી વધુ ફરિયાદો સામે આવી રહી છે. શહેરના ૭૦થી ૮૦ માર્ગો પર કાયમી માટે અંધારપટનો સામનો શહેરીજનો કરી રહ્યા છે.

કંઈક આવા આક્ષેપ સાથે વિપક્ષ કોંગ્રેસના કાઉન્સિલર નિરવ બક્ષીએ વધુમાં જણાવ્યું છે કે, આજે બજારમાં ઉચ્ચ ટેકનોલોજી ધરાવતી અનેક એજન્સીઓ કામ કરી રહી છે. પરંતુ આ એજન્સીઓ ટેન્ડરિંગ પ્રક્રીયામાં ભાગ ન લઈ શકે અને પછાત ટેકનોલોજીવાળી ચોક્કસ એજન્સીને જ કામ મળે તે માટે શરતોમાં વારંવાર ફેરફાર કરાયો છે. જેમાં અનેક બાબતો શંકા ઉપજાવે તેવી છે. ત્યારે આ સમગ્ર પ્રક્રીયા જ રદ કરવામાં આવે તેવી માંગ તેમણે કરી છે.

**અમદાવાદમાં સ્ટ્રીટ લાઈટની સંખ્યા**

| | |
|---|---|
| ૩૦ વોટ સુધીની એલઈડી | ૧,૨૪,૧૨૩ |
| ૩૧થી ૭૦ વોટ એલઈડી | ૪૩,૧૧૨ |
| ૭૧થી ૧૩૫ વોટ એલઈડી | ૫૧,૦૯૯ |
| ૮૦થી ૨૫૦ વોટ એલઈડી | ૪,૦૦૧ |
| હાઈ માસ્ટ પોલ | ૨૪૦ |

**ટેન્ડરની શંકાસ્પદ બાબતો**

જૂની ટેકનોલોજી : ટેન્ડરમાં દર્શાવેલી આરએફ કમ્યુનિકેશન ટેકનોલોજી ખુબ જૂની છે. અત્યારે લોરા વાન અને એલપી વાન જેવી આધુનિક સ્માર્ટ લાઈટિંગ સોલ્યુશન ટેકનોલોજી ઉપલબ્ધ છે. જેમાં લાઈટની સાથે પાણી, પાર્કિંગ, ગેસ વિતરણ વગેરે પણ સમાવી શકાય તેમ છે.

લાઈટ્સમાં વિભાજન : ટેન્ડરમાં સ્ટ્રીટ લાઈટ અને ડેકોરેટિવ કે પોસ્ટ ટોપ લાઈટ્સ એવા વિભાજન કરાયા છે. જેનું સ્પષ્ટ કારણ અપાયું નથી. આવું વિભાજન શંકાસ્પદ છે.

સીવીસી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન : આરએફપીમાં બે લાખ કંટ્રોલર્સના અમલનો અનુભવ લખાયો છે. આ ટેન્ડરમાં માત્ર ૩૦ હજાર કંટ્રોલર્સની જ વાત છે. આ નીચો માપદંડ ચોક્કસ એજન્સીને ગોઠવવા માટે છે.

કન્સલ્ટન્ટની નિયુક્તિ : ૫૦૦ કરોડથી વધુની રકમના પ્રોજેક્ટમાં કન્સલ્ટન્ટની લાયકાત, અનુભવ, બેકગ્રાઉન્ડ, અમલ ક્ષમતા વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ. જે થયો નથી.

નવું કમ્યુનિકેશન નેટવર્ક : શહેર વ્યાપી નવા કમ્યુનિકેશન નેટવર્ક માટે રૂ.૨૫ કરોડનો ખર્ચ બતાવવામાં આવ્યો છે. હાલમાં ખાનગી ટેલિકોમ ઓપરેટરોના જાહેર નેટવર્ક ઉપલબ્ધ હોવા છતાં મ્યુનિ. દ્વારા તેને શા માટે અપનાવવામાં નહીં આવે? તે સવાલ છે.

**ડાયાલિસિસ પ્રોગ્રામની ભરતી શંકાના દાયરામાં**

# ડાયાલિસિસ સેન્ટરોમાં ૫૦ ટકા ટેકનિશિયનો પાસે શંકાસ્પદ સર્ટી

અમદાવાદ,બુધવાર

રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના કિડનીના દર્દીઓ માટે આશીર્વાદ સમાન ગણાતા 'ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ' હેઠળ હિમોડાયાલિસિસ ટેકનિશિયનોની ભરતી હાલ શંકાના દાયરામાં આવી છે. કેગના લેટેસ્ટ અહેવાલમાં થયેલા ચોંકાવનારા ખુલાસા થયો છેકે, દર્દીઓનો જીવ બચાવતા ટેકનિશિયનોની લાયકાતના સર્ટીફિકેટ જ શંકાસ્પદ છે.

## 'ભારત સેવક સમાજ' નામની સંસ્થાના સર્ટિફિકેટ આધારે ૩૪૬ ટેકનિશિયનોએ નોકરી મેળવી લીધી

અમદાવાદમાં કિડની ઈન્સ્ટિટયુટ હેઠળ ચાલતા ૨૫૦ થી વધુ ડાયાલિસિસ સેન્ટરોમાં કુલ ૬૬૨ ટેકનિશયનો કાર્યરત છે. રીપોર્ટ અનુસાર, બાવન ટકા એટલે કે ૩૪૬ જેટલા લોકોએ કોઈ માન્ય યુનિવર્સિટી કે સરકારી બોર્ડના બદલે 'ભારત સેવક સમાજ' નામની એક બિન-સરકારી સંસ્થાના સર્ટિફિકેટ રજૂ કરીને નોકરી મેળવી લીધી છે. ચોંકાવનારી બાબત આઉટસોર્સિંગ એજન્સીએ આપેલાં ઓફર લેટરમાં એક વિશેષ નોંધ લખવામાં આવી છે કે, નિમણૂકના એક વર્ષની અંદર ઉમેદવારે ધોરણ ૧૨ પાસ કરી લેવું. સવાલ એ થાય છે કે જે વ્યક્તિ ૧૨ પાસ પણ નથી કરી શક્યો, તેને ડાયાલિસિસ જેવી જટિલ કામગીરી કેવી રીતે સોંપી શકાય?

લાયકાત વગરના બિનઅનુભવી યુવાનોને ખાનગી એજન્સીઓ પોતાના આર્થિક ફાયદા માટે આઉટસોર્સિંગથી ભરતી કરી રહી છે, જે કિડનીના હજારો નિર્દોષ દર્દીઓના જીવન સાથે ક્રૂર રમત સમાન છે.આરોગ્ય વિભાગની ઘોર નિદ્રા અને ખાનગી એજન્સીઓની મિલીભગતને કારણે ગુજરાતમાં સ્વાસ્થ્ય સેવાઓ ખાડે ગઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. આ મામલે એવી માંગ છે કે, સરકાર આ મામલે તાત્કાલિક હાઈ-લેવલ તપાસ કમિટીની રચના કરે, ટેકનિશિયનોની લાયકાતની ચકાસણી કરે. સાથે સાથે ખાનગી એજન્સીઓ વિરુધ્ધ પગલાં ભરે.

### પાલડી કાંકજમાં કંપનીમાંથી ૧૯.૬૨ લાખનો સામાનની ચોરી

અમદાવાદ, બુધવાર

અમદાવાદના લોગાર્ડન ખાતે રહેતા રાજીવભાઈ બીનાયકિયાએ ફરિયાદ નોંધાવી છેકે, તેઓ પાલડી કાંકજ ગામમાં કંપની અને ગોડાઉન ધરાવી કોપરની પાઈપ, યુબેન્ડ અને એલ્યુમિનિયમની ફોઈલનો વેપાર ધંધો કરે છે. ગત તા.૧૬ના રોજ રાત્રે ફરિયાદીએ રાબેતા મૂજબ કંપની અને ગોડાઉનના શટર બંધ કરી ઘરે જતાં રહ્યાં હતાં. ત્યારબાદ કોઈ અજાણ્યાં શખ્સો કંપનીના પ્રોડક્શન પ્લાન્ટમાં શટર તોડી અંદર પ્રવેશીને ૧૯.૬૨ લાખની કિંમતનું ૧૨૩૫ કિલો કોપરનો સામાન ચોરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.






# નવરાત્રીમાં વાહનોનું રિટેલ વેચાણ ૧૧ લાખને પાર

મુંબઈ, તા. ૨૧

**સમાપ્ત થયેલી નવરાત્રીમાં દેશમાં વાહનોનો વેચાણ આંક ૧૧ લાખ વાહનોને પાર કરી ગયો હતો. ૨૦૨૫ની નવરાત્રીમાં ૧૨.૦૧ લાખની સામે વર્તમાન વર્ષની નવરાત્રીમાં વાહનોનો વેચાણ આંક ૬.૫૨ ટકા નીચો રહ્યો છે. જો કે ૨૦૨૫માં નવરાત્રી ૧૧ દિવસની હતી જ્યારે વર્તમાન વર્ષમાં આ તહેવાર દસ દિવસ ચાલ્યો છે.**

## વીજ સંચાલિત વાહનોના વેચાણમાં દસ દિવસમાં ૨૬ ટકાથી વધુનો વધારો

૨૦૨૪ની નવરાત્રીની સરખામણીએ વાહનોના એકંદર વેચાણમાં વર્તમાન વર્ષની નવરાત્રીમાં ૨૬.૭૫ ટકા વધારો જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટામાં જણાવાયું હતું. ૨૦૨૪ની નવરાત્રીમાં વેચાણ આંક ૮.૮૫ લાખ વાહનો રહ્યો હતો.

૧૧,૨૩,૦૮૬ વાહનોના વેચાણનો અર્થ નવરાત્રીના દસ દિવસમાં દૈનિક ૧.૧૨ લાખ જેટલા વાહનોનું રિટેલ વેચાણ થયાનું કહી શકાય એમ છે.

વર્તમાન વર્ષની નવરાત્રીમાં વીજ સંચાલિત વાહનોનું વેચાણ ૨૬.૭૮ ટકા જેટલુ ઊંચુ રહ્યું છે. ગયા વર્ષની નવરાત્રીમાં ૯૨૬૨૮ની સરખામણીએ વર્તમાન વર્ષના આ તહેવારમાં વીજ વાહનોનો વેચાણ આંક ૧,૧૭,૪૩૭ સાથે ૨૬.૭૮ ટકા વધુ રહ્યો છે.



ઈ-વ્હીકલ્સમાં ટુ વ્હીલર્સમાં ૩૩.૪૦ ટકા જ્યારે ઊતારૂ વાહનોના વેચાણમાં ૨૬ ટકા વૃદ્ધિ જોવા મળી છે.

ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં કપાત બાદ વાહનોની ખરીદીમાં શરૂ થયેલો ઉત્સાહ છેલ્લા એક વર્ષથી જળવાઈ રહ્યાનું જોવા મળ્યું છે. વર્તમાન વર્ષની નવરાત્રીમા ઊતારૂ વાહનો તથા ટુ વ્હીલર્સના વેચાણમાં ઘટાડો થયો છે પરંતુ અન્ય વાહનો જેમ કે કમર્સિઅલ વ્હીકલ્સ તથા ટ્રેકટર્સના વેચાણમાં સાધારણ વધારો જોવા મળ્યો છે.

ટુ વ્હીલર્સનું વેચાણ વાર્ષિક ધોરણે ૨.૭૯ ટકા ઘટી ૮.૩૪ લાખ રહ્યું છે. જો કે ઊતારૂ વાહનોનું વેચાણ ૨૧.૯૧ ટકા ઘટી ૧.૮૨ લાખ એકમ રહ્યું છે જ્યારે કમર્સિઅલ વાહનોનું વેચાણ ૧.૧૨ ટકા વધી ૩૫૬૧૮ તથા ટ્રેકટર્સનું વેચાણ દસ દિવસમાં ૦.૮૯ ટકા વધી ૨૨૬૯૦ એકમ રહ્યાનું ફાડા તરફથી પ્રાપ્ત ડેટામાં જણાવાયું હતું. થ્રી વ્હીલર્સનું વેચાણ ૭.૫૧ ટકા ઘટી ૪૫૭૩૫ એકમ રહ્યુ હતું. ગયા વર્ષની નવરાત્રીમાં જીએસટીમાં કરાયેલા કપાતને પરિણામે તે વેળાએ ઊતારૂ વાહનોના વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી.

ઊતારૂ વાહનોના વેચાણમાં ઘટાડાને માગ નબળી પડી હોવાનું કહી શકાય નહીં કારણ કે જીએસટીમાં કપાત બાદ ઊતારૂ વાહનોનું વેચાણ અગાઉ જ વિક્રમી જોવાયુ છે એમ ફાડાના સુત્રોએ જણાવ્યું હતું. વિવિધ પ્રકારના વાહનોની કિંમતમાં વધારો છતાં ખરીદદારોનો મૂડ પોઝિટિવ જોવા મળી રહ્યો હોવાનો તેમણે દાવો કર્યો હતો.

# AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તેજી વચ્ચે ઓપ્ટિકલ ફાઈબરની નિકાસમાં ૧૫૮%નો ઉછાળો

અમદાવાદ, તા. ૨૧

**ભારતના ઓપ્ટિકલ ફાઈબર અને અન્ય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઘટકોના ઉત્પાદકો વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) રોકાણ તેજીના લાભાર્થી તરીકે ઊભરી રહ્યા છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન ઓપ્ટિકલ ફાઈબર, ફાઈબર બંડલ્સ અને કેબલ્સની નિકાસ વાર્ષિક ધોરણે ૧૫૮% વધીને ૪૮૩ મિલિયન ડોલર થઈ છે. વિવિધ દેશો ડેટા સેન્ટર્સ સ્થાપવા અને ડિજિટલ કનેક્ટિવિટી મજબૂત કરવાની દોડમાં આગળ વધી રહ્યા હોવાથી ડિજિટલ સાધનો માટેનું નિકાસ બજાર ખૂબ જ ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે.**

## ભારતના ઓપ્ટિકલ ફાઈબરની નિકાસમાં અડધાથી વધુ હિસ્સો અમેરિકાનો, બીજા ક્રમે ચીન ત્યારબાદ પોલેન્ડ અને વિયેતનામ

આ સામાનની નિકાસમાં થયેલો તીવ્ર વધારો દર્શાવે છે કે કેવી રીતે એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપી વિસ્તરણ ડિજિટલ અર્થતંત્રને આધાર આપતા આવશ્યક ઘટકો પૂરા પાડતા ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રો માટે નવી તકો ઊભી કરી રહ્યું છે. જ્યારે સેમિકન્ડક્ટર્સ અને સર્વર્સ ઘણું ધ્યાન આકર્ષિત કર્યું છે, ત્યારે ડેટા સેન્ટર્સને જોડવા, વિશાળ માત્રામાં ડેટા ટ્રાન્સમિટ કરવા અને હાઈ-સ્પીડ કોમ્યુનિકેશનને ટેકો આપવા માટે જરૂરી ઓપ્ટિકલ ફાઈબર કેબલ્સની માંગ પણ વધી રહી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા અનુસાર, પાંચ મહિનાના આ સમયગાળા દરમિયાન ભારતના ઓપ્ટિકલ ફાઈબરની નિકાસમાં અડધાથી વધુ હિસ્સો અમેરિકાનો રહ્યો હતો, જેણે ૨૬૬.૭ મિલિયન ડોલરની કિંમતના ઉત્પાદનોની આયાત કરી હતી.

૫૨.૪ મિલિયન ડોલર સાથે ચીન બીજા ક્રમનું સૌથી મોટું સ્થળ હતું, ત્યારબાદ પોલેન્ડ ૨૨.૮ મિલિયન ડોલર અને વિયેતનામ ૨૨.૬ મિલિયન ડોલર સાથે અનુક્રમે સ્થાન ધરાવતા હતા. જાપાન, કેનેડા અને ઈટાલી અન્ય મહત્ત્વપૂર્ણ બજારો હતા, જ્યારે યુકે, જર્મની, બ્રાઝિલ, મોરોક્કો, મલેશિયા, યુએઈ અને મેક્સિકો સુધી માલ મોકલવામાં આવ્યો હતો.

મંત્રાલયે જણાવ્યું હતું કે એઆઈ સંબંધિત મજબૂત માંગ ભારતને વૈશ્વિક કોમ્યુનિકેશન વેલ્યુ ચેઈનમાં એક મહત્ત્વપૂર્ણ સપ્લાયર તરીકે સ્થાન આપી રહી છે. પશ્ચિમ એશિયા સંઘર્ષને કારણે સર્જાયેલા વિક્ષેપ છતાં નિકાસમાં આવેલો આ ઉછાળો એઆઈ સંચાલિત રોકાણ ચક્રના આધારે આવ્યો છે, જે વૈશ્વિક વેપારને ટકાવી રાખવામાં મદદ કરી રહ્યો છે.

# AIને કારણે લિસ્ટેડ માર્કેટ કેપમાં ૧૦૦ અબજ ડોલરનો ઉમેરો થશે

મુંબઈ, તા. ૨૧

**ભારતમાં ઊભરી રહેલા આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રને કારણે દેશની લિસ્ટેડ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આગામી બેથી પાંચ વર્ષમાં ૫૦ અબજ થી ૧૦૦ અબજ ડોલરનો ઉમેરો થઈ શકે છે. ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ)ના પ્રવાહને ધ્યાનમાં રાખતા ગોલ્ડમેન સાચ્સની આ ધારણાં આવી પડી છે.**

## આગામી બેથી પાંચ વર્ષમાં અસંખ્ય એઆઈ કંપનીઓ બજારમાં આવવાનો અંદાજ

હાલની ૭૦ જેટલી નાની મોટી ખાનગી એઆઈ કંપનીઓમાંથી ૨૫થી ૫૦ ટકા આગામી બેથી પાંચ વર્ષના ગાળામાં જાહેર ભરણાં લાવશે તેવી શકયતા છે. આ કંપનીઓ તેમના હાલના અંદાજિત મૂલ્ય કરતા ચાર ગણા વેઈટેડ એવરેજ વેલ્યુએશને બજારમાં આવશે તેવો અંદાજ મુકાઈ રહ્યો છે. આને કારણે ભારતની લિસ્ટેડ એઆઈ કંપનીઓના વ્યાપમાં વધારો થશે. ભારતની એઆઈ સ્ટાર્ટઅપ્સ માટે પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) ફન્ડિંગ ૨૦૨૪થી અત્યારસુધીમાં ત્રણ ગણું થયું છે.

કુલ પીઈ ફન્ડિંગમાં એઆઈનો હિસ્સો ચાર ગણો વધી વીસ ટકા જેટલો થઈ ગયો છે. એઆઈ ફન્ડિંગ માટે ભારત હવે પ્રથમ છ ક્રમની યાદીમાં આવી ગયું છે.

# ડોલર સામે રૂપિયો ઉછળી દોઢ માસની ટોચે: પાઉન્ડ, યુરોમાં ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

**મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. રિઝર્વ બેન્કના વિવિધ પગલાંની ઈમ્પેકટ વચ્ચે કરન્સી બજારમાં રૂપિયો ઉંચકાતો જોવા મળ્યો હતો.**

## યુરોએ ઈન્ટ્રા-ડે રૂ.૧૦૬ની સપાટી ગુમાવી: જાપાન તથા ચીનની કરન્સીમાં પણ પીછેહટ

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૪.૪૬ |
| પાઉન્ડ | રૂા. ૧૨૬.૫૬ |
| યુરો | રૂા. ૧૦૬.૦૦ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૦૮.૫૦ ડોલર |

ડોલરના ભાવ રૂ.૯૪.૯૩ વાળા આજે સવારે રૂ.૯૪.૭૮ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૪.૮૨ તથા નીચામાં ભાવ રૂ.૯૪.૪૧ થઈ રૂ.૯૪.૪૬ રહ્યા હતા. ડોલરના ભાવ આજે ૪૭ પૈસા ઘટતાં રૂપિયો ડોલર સામે ૦.૫૦ ટકા ઉંચકાયો હતો. જાપાનમાં સરકારી બોન્ડના ઓકશનને વ્યાપક પ્રતિસાદ મળતાં વિશ્વ બજારમાં ડોલર સામે જાપાનની કરન્સી ઉંચકાઈ હોવાના સમાચાર મળ્યા હતા. ચીનમાં સરકારે વ્યાજના દર જાળવી રાખ્યાના સમાચાર હતા. ચીનની કરન્સી ડોલર સામે વધી હતી.

દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૧.૮૪ તથા નીચામાં ૧૦૧.૭૩ થઈ ૧૦૧.૭૭ રહ્યાના સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૧૭ પૈસા ઘટયા હતા. પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૬.૩૭ થઈ રૂ.૧૨૬.૫૬ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ વધુ ૩૯ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૫.૯૬ થઈ રૂ.૧૦૬.૦૦ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૨૦ ટકા માઈનસમાં રહી હતી. ચીનની કરન્સી પણ રૂપિયા સામે ૦.૪૨ ટકા ઘટયાના નિર્દેશો હતા. દેશમાં આઈપીઓ મારફત ફોરેન પોર્ટફોલિયોના સ્વરૂપમાં ડોલરનો ઈન્ફલો વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી. રૂપિયો ઉછળી આજે દોઢ મહિનાની ટોચે પહોંચ્યો હતો. વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ વધ્યા પછી ઘટાડા પર રહેતાં તેની અસરે પણ આજે રૂપિયો ઉંચકાયો હતો.

# અમેરિકાના ડયૂટી લાગુ નહીં કરવાના નિર્ણયથી જ્વેલરી નિકાસકારોને રાહત

મુંબઈ, તા. ૨૧

**ભારતના માલસામાન પર ૧૦૦ ટકા ડયૂટી લાગુ કરવાની દરખાસ્તને અમેરિકાએ મોકૂફ રાખતા દેશના જેમ એન્ડ જ્વેલરી નિકાસકારોને અમેરિકા ખાતેથી નવા ઓર્ડરમાં વધારો થવાની આશા જાગી છે.**

## નાતાલ માટે અમેરિકા ખાતેથી મોટા ઓર્ડર મળવાની આશા

અમેરિકામાં ફુગાવો વધી જતા ટ્રમ્પે રશિયા પાસેથી ડીઝલ ખરીદવાની જાહેરાત કરી છે એટલું જ નહીં રશિયા પરના પ્રતિબંધો પણ હળવા કર્યા છે.

ટ્રમ્પના આ નિર્ણયથી વર્તમાન નાતાલની મોસમ સારી રહેવાની અપેક્ષા છે એમ જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

અમેરિકા તરફથી ટેરિફની ચીમકીઓને કારણે ભારતના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગે અન્ય નિકાસ મથકો તરફ નજર દોડાવવાનું શરૂ કર્યુ હતું જેને પરિણામે જેમ અને જ્વેલરીની નિકાસ વૃદ્ધિ સપ્ટેમ્બરમાં જળવાઈ રહી હતી અને ગત મહિને ડોલરની દ્રષ્ટિએ નિકાસ વાર્ષિક ધોરણે ૯.૪૩ ટકા વધી ૨.૯૫ અબજ ડોલર રહી હતી જ્યારે રૂપિયાની દ્રષ્ટિએ નિકાસ ૧૮.૨૪ ટકા વધી રૂપિયા ૨૮૧૫૭.૫૫ કરોડ રહી હતી એમ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં જારી એક નિવેદનમાં જણાવાયું હતું.

વર્તમાન વર્ષના એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ ડોલરની દ્રષ્ટિએ ૩.૦૭ ટકા વધી ૧૪.૩૦ અબજ ડોલર રહી છે જ્યારે રૂપિયાની દ્રષ્ટિએ વાર્ષિક ધોરણે ૧૩.૪૦ ટકા વધી રૂપિયા ૧૩૬૦૬૮.૨૭ કરોડ રહી હતી.

અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ છતાં, ભારત ખાતેથી જેમ અને જ્વેલરીની નિકાસ વૃદ્ધિ પ્રોત્સાહક રહી હોવાનું નિવેદનમાં જણાવાયું હતું.

ભારત-યુકે વચ્ચે વેપાર કરાર તથા હોંગકોંગ, સિંગાપુર તથા ફ્રાન્સ જેવી મુખ્ય બજારોમાં પણ મજબૂત કામગીરી જોવા મળી છે. નવેમ્બરમાં અમેરિકામાં વચગાળાની ચૂંટણી યોજાવાની છે ત્યાંસુધી ટ્રમ્પ ટેરિફમાં વધારો નહીં કરે તે નિશ્ચિત હોવાથી અમેરિકાના આયાતકારોએ જેમ એન્ડ જ્વેલરીની મોટેપાયે આયાત ઓર્ડર આપવાનું શરૂ કરી દીધું હોવાનું સ્થાનિક સુત્રોએ જણાવ્યું હતું.

## ભારતીય મૂડી બજારના ઈતિહાસમાં નવા રેકોર્ડ સર્જાયા

# જિયો પ્લેટફોર્મનો IPO રોકાણકારોના અદમ્ય ઉત્સાહે ૧૦૦ મીનિટમાં જ સંપૂર્ણ છલકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૨૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ અને ટેલિકોમ સાહસ જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે આજે ભારતના મૂડી બજારમાં અપેક્ષા મુજબ આઈપીઓ ખુલ્યાના પ્રથમ દિવસે જ અનેક વિક્રમો પોતાના નામે કર્યા હતા. ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશન બાયર્સના અદમ્ય રોકાણ ઉત્સાહ અને કર્મચારીઓ, રિલાયન્સ ગ્રુપ કંપનીઓના શેરધારકો અને હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોના કંપનીના બિઝનેસ, વૃદ્ધિના વિઝનમાં વિશ્વાસ મૂકી જિયો પ્લેટફોર્મ્સના શેરોમાં રોકાણ કરીને સહભાગી બનવા હોડ લગાવી હતી. કંપનીનો આજે પબ્લિક માટે ખુલેલો રૂ.૩૦,૨૧૩ કરોડનો આઈપીઓ-ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ૧૦૦ મીનિટમાં જ સંપૂર્ણ ભરાઈ ગયા બાદ આજે દિવસના અંતે ૩.૦૫ ગણો પ્રતિસાદ મળ્યો હતો. કુલ ૧૯,૭૫,૨૫,૯૩૪ શેરોના ઈસ્યુ સામે ૬૦,૩૧,૩૩,૭૦૪ શેરો માટે બીડ્સ મળી છે.

ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ બાયર્સ (ક્યુઆઈબીઝ) કેટેગરીમાં ૪,૯૦,૦૭,૮૨૭ શેરો રિઝર્વ સામે આજે ૪૪,૩૯,૬૩,૯૬૪ શેરો માટે બીડ્સ મળી ૯.૦૬ ગણો સૌથી વધુ પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે નોન-ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટર્સ (એનઆઈઆઈઝ) કેટેગરીમાં ૩,૬૪,૪૪,૫૬૯ શેરો રિઝર્વ સામે ૫,૯૯,૩૨,૯૩૨ શેરો માટે બીડ્સ મળીને ૧.૬૪ ગણો પ્રતિસાદ મળ્યો હતો.

રિટેલ વ્યક્તિગત રોકાણકારોની કેટેગરીમાં ૮,૫૦,૩૭,૩૨૭ શેરો રિઝર્વ સામે ૬,૦૮,૧૩,૯૭૨ શેરો માટે બીડ્સ મળીને ૭૨ ટકા પ્રતિસાદ મળ્યો હતો. કર્મચારીઓ માટે અનામત કેટેગરીમાં ૪૬,૯૪,૮૩૫ શેરો રિઝર્વ સામે ૬૩,૩૨,૨૬૮ શેરો માટે કુલ બીડ્સ મળીને ૧.૩૫ ગણો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે શેરધારકો માટે રિઝર્વ ૨,૨૩,૪૧,૩૭૬ શેરો સામે આજે પ્રથમ દિવસે ૩,૨૦,૯૦,૫૬૮ શેરો માટે બીડ્સ મળીને ૧.૪૪ ગણો પ્રતિસાદ મળ્યો હતો.




ઉલ્લેખનીય છે કે, ભારતીય મૂડી બજારના ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ લાવીને રેકોર્ડ સર્જનાર જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે એન્કર ઈન્વેસ્ટરો માટે રૂ.૮૧૧૦ કરોડ રિઝર્વ સામે ૩૦ ગણો રોકાણકારોનો રૂ.૨.૪૦ લાખ કરોડ ડિમાન્ડ કરતો જંગી પ્રતિસાદ મળ્યો હતો. આજે પબ્લિક માટે આઈપીઓ ખુલ્યાના પ્રથમ દિવસે નવા વિક્રમો સર્જયા હતા. સંસ્થાકીય રોકાણકારોના અભૂતપૂર્વ પ્રતિસાદના પરિણામે પ્રથમ ૧૦૦ મીનિટમાં જ આઈપીઓ પૂર્ણ ભરાઈ ગયો હતો. શેર દીઠ રૂ.૧૦૬૫થી રૂ.૧૧૧૯ પ્રાઈસ બેન્ડનો જિયો પ્લેટફોર્મ્સનો આ આઈપીઓ હજુ બે દિવસ ભરણા માટે ખુલ્લો રહી ૨૩, ઓકટોબર ૨૦૨૬ના રોજ બંધ થનાર છે. પ્રથમ દિવસે જ ત્રણ ગણાથી વધુ પ્રતિસાદને જોતાં આ ભરણું આગામી બે દિવસમાં હજુ નવા રેકોર્ડ સર્જશે એવું જાણકારોનું માનવું છે.

અગાઉ બજાજ હાઉસીંગ ફાઈનાન્સનો ઈસ્યુ ખુલ્યાના પ્રથમ દિવસે બપોરે બે વાગ્યે પૂર્ણ ભરાયો હતો. જ્યારે એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાનો ઈસ્યુ પ્રથમ દિવસના અંતે પૂર્ણ ભરાયો હતો. જ્યારે હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાનો રૂ.૨૭,૮૭૦ કરોડનો આઈપીઓ ખુલ્યાના પ્રથમ દિવસના અંતે માત્ર ૧૮ ટકા ભરાયો હતો.

## પ્રથમ દિવસે સંસ્થાકીય રોકાણકારોનો અસાધારણ ૯ ગણાથી વધુ પ્રતિસાદ મળ્યો : અંતે કુલ ૩.૦૫ ગણો ઈસ્યુ ભરાયો

# ક્રૂડમાં ઉંચા ભાવથી ઘટાડો: સોના-ચાંદીમાં પીછેહટ સામે પ્લેટીનમના ભાવ ઉંચકાયા

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

**મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. જો કે પ્લેટીનમના ભાવ ઉંચકાયા હતાં. ક્રૂડતેલના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા. કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ તૂટતાં તેની અસર ઝવેરી બજાર પર દેખાઈ હતી. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૪૧૨૨થી ૪૧૨૭ વાળા નીચામાં ભાવ ૪૧૦૬ તથા ઉંચામાં ભાવ ૪૧૪૦ થઈ ૪૧૩૯ ડોલર રહ્યા હતા.**

## ડોલર તૂટતાં ઝવેરી બજારમાં ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી

ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૮૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૯૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૧૧૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ૫૭.૧૭થી થી ૫૭.૧૮ વાળા નીચામાં ભાવ ૫૭.૧૧ તથા ઉંચામાં ભાવ ૫૮.૦૮ થઈ ૫૭.૭૦થી ૫૭.૭૧ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે ૪૭ પૈસા ઘટી ૯૪.૪૬ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૭૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૩૫૨૮ તથા ૯૯૯ના રૂ.૧૪૪૧૦૫ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૦૦૦ ઘટી રૂ.૨૦૬૭૮૩ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૦ વધી રૂ.૫૮૧૪૩ રહ્યા હતા.

દરમિયાન વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટના ભાવ બેરલના જે ઉંચામાં ૧૧૨ ડોલર નજીક પહોંચ્યા હતા તે આજે ભાવ નીચામાં ૧૦૯.૨૬ થઈ ૧૦૯.૪૫ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૯૭.૯૧ થઈ ૯૮.૬૩ ડોલર રહ્યા હતા. અમેરિકા તથા ઈરાન વચ્ચેના યુદ્ધમાં સમાધાન ગોતી કાઢવા પાકિસ્તાન તથા કતાર દ્વારા ફરી પ્રયત્નો શરૂ કરાયાના સમાચાર હતા. સાઉદી અરેબિયામાં ક્રૂડનું ઉત્પાદન સપ્ટેમ્બરમાં વધ્યાના વાવડ હતા ત્યાં ઓગસ્ટમાં ઉત્પાદન ઘટી ૩૬ વર્ષના તળિયે ઉતર્યા પછી સપ્ટેમ્બરમાં ઉત્પાદનમાં વૃદ્ધીના વાવડ મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ ૦.૭૩ ટકા માઈનસમાં રહ્યા હતા.

# મુખ્ય ઉત્પાદક દેશોમાં અલ નિનોની અસરથી ખાંડ ઉત્પાદન પર અસર

મુંબઈ, તા. ૨૧

ખાંડની વૈશ્વિક ખાધ અગાઉના ૩૦ લાખ ટનના અંદાજ કરતા વધીને ૬૨.૮૦ લાખ ટન રહેવાની એક રિપોર્ટમાં શકયતા વ્યકત કરવામાં આવી છે.

બ્રાઝિલ, ભારત તથા યુરોપ જેવા ખાંડના મુખ્ય ઉત્પાદક મથકોએ નબળા ઉત્પાદનને ધ્યાનમાં રાખી ખાંડના ઉત્પાદન તથા માગ વચ્ચેના અંતરમાં વધારો થવાનો અંદાજ મુકાયો છે.

અલ નિનોની અસરને પહોંચી વળવા વૈશ્વિક કૃષિ ક્ષેત્ર સંઘર્ષ કરી રહ્યું છે. બ્રાઝિલમાં ધારણાં કરતા શેરડીનો પાક ઘણો જ નીચો જોવા મળી રહ્યો છે. બ્રાઝિલમાં ખાંડનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીએ ૧૪ ટકા જેટલુ નીચુ ઊતરવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

યુરોપમાં પણ ગરમી, સુકા હવામાનને પગલે ઉત્પાદન ૨.૨૮ લાખ ટન ઘટી ૧.૨૪ કરોડ ટન રહેવાની રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે. ભારતમાં ખાંડનું ઉત્પાદન ત્રણથી ચાર લાખ ટન નીચુ રહેવાની શકયતા છે.

## આઈટી-સોફ્ટવેર શેરોમાં તેજી સામે અન્ય સેકટરના શેરોમાં ગાબડાં

# શેરોમાં આરંભિક તેજીનો ફિઆસ્કો : ઉછાળે ફંડોના હેમરિંગે સેન્સેક્સ વધ્યામથાળેથી ૧૪૦૦ પોઈન્ટ તૂટ્યો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

ભારત અને અમેરિકા વચ્ચે ટૂંકસમયમાં ટ્રેડ ડિલ ફાઈનલ થવાના અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોના ભારત મુલાકાત દરમિયાન નિવેદન અને રૂબિયોની જામનગર મુલાકાત પૂર્વે ભારતને સુપરરિફાઈનર ગણાવી બન્ને દેશો વચ્ચે સંબંધો ફરી મજબૂત બનવાના સંકેતો છતાં આજે ભારતીય શેર બજારોમાં આજે વધ્યામથાળેથી તેજીનો ફિઆસ્કો થઈ ગયો હતો. રિલાયન્સ ગ્રુપ કંપની જિયો પ્લેટફોર્મ્સના મેગા આઈપીઓમાં અનેક વિક્રમો સર્જાયા અને ૧૦૦ મીનિટમાં જ આઈપીઓ પૂર્ણ છલકાઈ જવાના રોકાણકારોના અદમ્ય ઉત્સાહ સામે સેકન્ડરી માર્કેટમાં શેરોમાં ધબડકો બોલાઈ ગયો હતો. અસહ્ય ગરમી, અલનીનોની અસરે દુષ્કાળની સ્થિતિએ ખાદ્યચીજોના ભાવો ભડકે બળવા લાગ્યા હોવાના અને ક્રુડ ઓઈલના ભાવમાં ભડકો થતાં મોંઘવારીએ તહેવારોની રોનક ઝાંખી પાડી દીધી હોઈ શેરોમાં સેન્ટીમેન્ટ ખરડાયું હતું.

### સેન્સેક્સ ૮૨૯ પોઈન્ટની છલાંગ બાદ વધ્યામથાળેથી ઈન્ટ્રા-ડે ૧૪૫૩ ખાબક્યો : નિફ્ટી ૪૭૧ તૂટ્યો

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આક્રમક તેજી સામે કેપિટલ ગુડઝ-પાવર, હેલ્થકેર, બેંકિંગ, ઓટોમોબાઈલ, કન્ઝયુમર ડયુરેબલ્સ, મેટલ-માઈનીંગ શેરોમાં ધૂમ વેચવાલી થતાં આરંભિક તેજીનો ઊભરો અંતે શમી ગયો હતો. સેન્સેક્સ આરંભમાં ૮૨૯.૨૯ પોઈન્ટ ઉછળીને ઉપરમાં ૭૪૬૮૨.૧૯ સુધી પહોંચ્યો હતો. જે વધ્યામથાળેથી ફંડોએ મોટાપાયે હેમરિંગ કરીને ફ્રન્ટલાઈન શેરોમાં ગાબડાં પાડતાં સેન્સેક્સ વધ્યામથાળેથી ૧૪૫૨.૭૪ પોઈન્ટના કડાકે નીચામાં ૭૩૨૨૯.૪૫ સુધી ખાબકી ગયો હતો. જે આગલા બંધની તુલનાએ એક તબક્કે ૬૨૩.૪૫ પોઈન્ટ તૂટ્યો હતો. અંતે સેન્સેક્સ ૧૪૩.૨૧ પોઈન્ટ ઘટીને ૭૩૭૦૯.૬૯ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ આરંભમાં ૨૩૧.૯૫ પોઈન્ટના ઉછાળે ઉપરમાં ૨૩૧૨૦.૯૦ સુધી પહોંચ્યો હતો. જે વધ્યામથાળેથી ૪૭૧ પોઈન્ટ તૂટીને ૨૨૬૪૯.૯૦ સુધી ખાબક્યો હતો. જે આગલા બંધથી એક સમયે ૨૩૯.૦૫ પોઈન્ટ તૂટ્યો હતો. અંતે નિફ્ટી ૭૭.૬૦ પોઈન્ટ ઘટીને ૨૨૮૧૧.૩૫ બંધ રહ્યો હતો.

### કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૧૧૧ તૂટ્યો : જયોતી સીએનસી રૂ.૫૭, એબીબી રૂ.૩૯૦, ભેલ રૂ.૧૮ તૂટ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં આજે અસાધારણ ધબડકો બોલાયો હતો. દેશમાં ઘણા રાજ્યોમાં વીજ સંકટ ઘેરાઈ રહ્યું હોઈ વીજળીની અછતને લઈ આજે પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં મોટાપાયે હેમરિંગ થયું હતું. જયોતી સીએનસી રૂ.૫૭.૨૦ તૂટીને રૂ.૯૧૭.૮૫, એબીબી ઈન્ડિયા રૂ.૩૮૯.૮૫ ગબડીને રૂ.૬૫૬૨, સિમેન્સ રૂ.૧૮૩.૫૫ તૂટીને રૂ.૩૪૨૭.૫૦, કોચીન શિપ રૂ.૫૯ તૂટીને રૂ.૧૧૬૬, કેઈઆઈ રૂ.૨૦૫.૦૫ તૂટીને રૂ.૪૨૩૯.૯૫, સીજી પાવર રૂ.૩૫.૧૦ ઘટીને રૂ.૮૧૯, ભેલ રૂ.૧૭.૫૦ ઘટીને રૂ.૪૧૦, અપાર ઈન્ડસ્ટ્રીઝ રૂ.૬૦૬.૯૫ તૂટીને રૂ.૧૫,૧૨૬.૯૫, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૬૬.૧૦ ઘટીને રૂ.૪૪૩૪ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૧૧૦.૭૩ પોઈન્ટ તૂટીને ૭૦૬૮૭.૯૮ બંધ રહ્યો હતો.

### ઓટો શેરોમાં ધબડકો : સોના બીએલડબલ્યુ, ટીવીએસ મોટર, બજાજ ઓટો, આઈશર મોટર્સ, મારૂતી તૂટ્યા

તહેવારોની સીઝનમાં વાહનોની ખરીદીનો ઉત્સાહ અપેક્ષાથી ઓછો રહ્યો હોવાનું અને પેટ્રોલ, ડિઝલના ભાવમાં તોળાતા વધારાને લઈ મોંઘવારીની ખરીદી પર અસર આગામી દિવસોમાં વધુ નેગેટીવ પડવાની ધારણાએ ઓટોમોબાઈલ શેરોમાં આજે ફરી ધબડકો બોલાયો હતો. સોના બીએલડબલ્યુ રૂ.૨૪.૪૫ તૂટીને રૂ.૭૬૭.૯૫, ટીવીએસ મોટર રૂ.૧૨૧ તૂટીને રૂ.૩૯૫૦, બજાજ ઓટો રૂ.૨૫૦.૨૦ તૂટીને રૂ.૧૦,૦૪૯.૮૦, આઈશર મોટર્સ રૂ.૧૬૭.૩૫ તૂટીને રૂ.૭૧૭૫, ટીઆઈ ઈન્ડિયા રૂ.૪૬.૫૦ ઘટીને રૂ.૨૧૨૦, મારૂતી સુઝુકી રૂ.૨૨૨.૫૦ તૂટીને રૂ.૧૧,૨૬૦, શેફલર રૂ.૬૭.૯૫ ઘટીને રૂ.૩૫૫૩.૨૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૮૨૧.૭૬ પોઈન્ટ ગબડીને ૫૫૭૮૭.૮૧ બંધ રહ્યો હતો.

### બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોનું ઓફલોડિંગ : એયુ બેંક, એક્સિસ બેંક, ઈન્ડસઈન્ડ બેંકમાં વેચવાલી

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફંડોનું આજે ઓફલોડિંગ થયું હતું. યશ બેંક ૫૩ પૈસા તૂટીને રૂ.૧૬.૩૬, એયુ બેંક રૂ.૨૩.૭૫ તૂટીને રૂ.૯૪૭.૩૦, એક્સિસ બેંક રૂ.૨૬.૧૦ ઘટીને રૂ.૧૨૧૦.૮૦, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૫.૯૫ ઘટીને રૂ.૮૪૯, આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૧.૩૦ ઘટીને રૂ.૭૫, કેનેરા બેંક રૂ.૧.૯૫ ઘટીને રૂ.૧૨૦.૦૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૯૮.૮૮ પોઈન્ટ ગબડીને ૬૧૮૭૯.૦૬ બંધ રહ્યો હતો.

### હેલ્થકેર શેરોનું સ્વાસ્થય ગબડ્યું : વન ગ્લોબલ, નોવાર્ટિસ, ક્લિચ, કોપરાન, પોલીમેડ, સિન્જેન તૂટ્યા

હેલ્થકેર-ફાર્મા શેરોનું સ્વાસ્થ્ય ફરી કથળ્યું હતું. ફંડોની વેચવાલી મોટી રહી હતી. વન ગ્લોબલ રૂ.૬૨.૬૦ તૂટીને રૂ.૩૮૯.૪૫, નોવાર્ટિસ રૂ.૧૫૪ તૂટીને રૂ.૧૭૬૮.૯૦, ક્લિચ ડ્રગ રૂ.૧૬.૯૫ તૂટીને રૂ.૨૦૩.૭૦, કોપરાન રૂ.૧૫.૫૫ ઘટીને રૂ.૨૬૪, પોલીમેડ રૂ.૮૫.૯૦ ઘટીને રૂ.૧૪૬૫.૧૦, સિન્જેન રૂ.૨૧.૩૫ ઘટીને રૂ.૩૭૬.૩૦, શેલબી રૂ.૬.૪૦ ઘટીને રૂ.૧૨૦.૬૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૪૦૧.૧૩ પોઈન્ટ ઘટીને ૪૭૩૬૩.૫૩ બંધ રહ્યો હતો.

### કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ફંડો હળવા થયા : ક્રોમ્પ્ટન, ડિક્સન, અંબર, હવેલ્સ, વોલ્ટાસ ઘટ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ફંડોએ આજે મોટો વેપાર હળવો કર્યો હતો. ક્રોમ્પ્ટન રૂ.૮ ઘટીને રૂ.૨૦૦.૯૦, ડિક્સન ટેકનોલોજી રૂ.૪૧૮ ઘટીને રૂ.૧૧,૬૯૨, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૨૨૦.૪૫ તૂટીને રૂ.૬૨૯૯.૯૦, હવેલ્સ રૂ.૨૭.૨૫ ઘટીને રૂ.૧૦૭૧.૧૦, વોલ્ટાસ રૂ.૧૯.૩૫ ઘટીને રૂ.૯૯૭.૭૫, ટાઈટન કંપની રૂ.૪૦ ઘટીને રૂ.૪૩૮૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૬૮૯.૭૩ પોઈન્ટ તૂટીને ૫૬૨૬૯.૭૫ બંધ રહ્યો હતો.

### આઈટી શેરોમાં ફંડોની તોફાની તેજી : ફેકટલ, એલટીટીએસ, હેક્ઝાવેર, વિપ્રો, એચસીએલ વધ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં ફંડોએ આજે આક્રમક ખરીદી કરી હતી. ફેકટલ રૂ.૭૭.૫૫ વધીને રૂ.૭૮૯.૮૫, એલટીટીએસ રૂ.૩૮૮.૨૫ વધીને રૂ.૩૯૯૮.૦૫, હેક્ઝાવેર રૂ.૩૦.૨૫ વધીને રૂ.૬૦૪.૫૫, વિપ્રો રૂ.૬.૬૦ વધીને રૂ.૧૮૮.૬૦, એચસીએલ ટેકનોલોજી રૂ.૪૬.૮૫ વધીને રૂ.૧૪૨૩.૮૫, ઈન્ફોસીસ રૂ.૩૭.૪૦ વધીને રૂ.૧૧૬૭.૪૦, પર્સિસ્ટન્ટ સિસ્ટમ રૂ.૧૮૭.૬૫ વધીને રૂ.૫૮૬૦, ટેક મહિન્દ્રા રૂ.૫૭ વધીને રૂ.૧૮૩૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૭૩૫.૯૯ પોઈન્ટ ઉછળીને ૩૦૭૧૩.૧૫ બંધ રહ્યો હતો.

## અંતે સેન્સેક્સ ૧૪૩ પોઈન્ટ ઘટીને ૭૩૭૧૦ : નિફ્ટી ૭૮ પોઈન્ટ ઘટીને ૨૨૮૧૧ : રોકાણકારોની સંપતિમાં રૂ.૬.૧૫ લાખ કરોડનું ધોવાણ

### મેટલ શેરોમાં ફંડો હળવા થયા : એપીએલ અપોલો, હિન્દુસ્તાન ઝિંક, અદાણી, નાલ્કો, જિન્દાલ સ્ટીલ ઘટ્યા

મેટલ-માઈનીંગ શેરોમાં ફંડોએ આજે વેચવાલી કરી હતી. એપીએલ અપોલો રૂ.૮૭.૨૦ ઘટીને રૂ.૨૦૬૭.૮૦, હિન્દુસ્તાન ઝિંક રૂ.૧૩.૦૫ ઘટીને રૂ.૫૨૪.૮૦, અદાણી એન્ટરપ્રાઈસીઝ રૂ.૬૧ ઘટીને રૂ.૨૫૯૫, નાલ્કો રૂ.૫.૯૦ ઘટીને રૂ.૩૧૨, જિન્દાલ સ્ટીલ રૂ.૧૬.૧૦ ઘટીને રૂ.૧૦૨૦.૬૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૫૨૭.૮૭ પોઈન્ટ તૂટીને ૩૭૯૩૬.૭૦ બંધ રહ્યો હતો.

### એફએમસીજી શેરોમાં પ્રોફિટ બુકિંગ : ગ્લોબસ સ્પિરીટ, લિન્ક, એવીટી નેચરલ, પરાગ મિલ્ક, એરોપ્લેન ઘટ્યા

એફએમસીજી શેરોમાં પણ આજે ફંડોનું પ્રોફિટ બુકિંગ થયું હતું. ગ્લોબસ સ્પિરીટ રૂ.૭૫.૦૫ તૂટીને રૂ.૭૩૦.૨૫, લિન્ક રૂ.૭.૯૩ તૂટીને રૂ.૮૪.૨૫, સેનસ્ટાર રૂ.૬.૦૫ ઘટીને રૂ.૯૧.૬૫, એરોપ્લેન રૂ.૧૩.૫૦ ઘટીને રૂ.૨૦૭.૮૦, પરાગ મિલ્ક રૂ.૧૫.૯૫ ઘટીને રૂ.૨૫૩.૮૦ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૧૮૦.૧૪ પોઈન્ટ ઘટીને ૧૬૫૭૩.૨૭ બંધ રહ્યો હતો.

### મોટી મંદીના એંધાણ : સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં ફરી ધૂમ વેચવાલી : ૩૫૫૪ શેરો નેગેટીવ બંધ

ફરી મોટી મંદીના એંધાણ મળી રહ્યા હોય એમ આજે સ્મોલ, મિડ કેપ શેરો સાથે એ ગ્રુપના શેરોમાં આજે ફંડો, ઈન્વેસ્ટરોની વ્યાપક વેચવાલીના પરિણામે માર્કેટબ્રેડથ અત્યંત ખરાબ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૫૦ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા માત્ર ૯૦૪ અને ઘટનારની સંખ્યા ૩૫૫૪ રહી હતી.

### FPIs/FIIની કેશમાં રૂ.૧૦૨૨ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની કેશમાં રૂ.૧૬૧૪ કરોડની ચોખ્ખી ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૧૦૨૨.૩૨ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૭,૦૦૩.૯૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૫,૯૮૧.૫૮ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૧૬૧૪.૩૨ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી. કુલ રૂ.૧૪,૯૩૧.૫૭ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૩,૩૧૭.૨૫ કરોડની વેચવાલી કરી હતી.

### શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૬.૧૫ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૧.૭૮ લાખ કરોડ

શેરોમાં ફરી ધૂમ વેચવાલીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૬.૧૫ લાખ કરોડ ધોવાઈને રૂ.૪૬૧.૭૮ લાખ કરોડ રહ્યું હતું.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### પ્રજ્ઞાચક્ષુ એથ્લીટ સિમરને ટી૧૨ કેટેગરીમાં ૨૦૦ બાદ ૧૦૦ મીટરની દોડમાં ગોલ્ડ જીત્યો

## એશિયન પેરા ગેમ્સમાં ભારતની ગોલ્ડન રન જારી : પાંચ ગોલ્ડ સાથે વધુ ૩૦ મેડલ જીત્યા

### ભારતે ૧૧ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝ પણ મેળવ્યા : ત્રણ જ દિવસમાં ૧૪ ગોલ્ડ સાથે ૬૫ મેડલ સાથે ટોપ ફાઈવમાં

નાગોયા, તા.૨૧

ભારતના દિવ્યાંગ એથ્લીટ્સે ગોલ્ડન રન જારી રાખતાં જાપાનમાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સમાં ભારતે ત્રીજા દિવસે પાંચ ગોલ્ડ, ૧૧ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝ સાથે કુલ ૩૦ મેડલ જીતી લીધા હતા. ભારતની પ્રજ્ઞાચક્ષુ એથ્લીટ સિમરન શર્માએ ટી૧૨ કેટગરીમાં ૨૦૦ બાદ ૧૦૦ મીટરની દોડ જીતી લઈને ડબલ ગોલ્ડની યાદગાર સિદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે સચિન ખિલારી, યાસ્સેર અને પરવીનની ત્રિપુટીએ એફ૪૬ કેટેગરીની ગોળા ફેંકની સ્પધામાં અનુક્રમે


સિમરન શર્મા


પ્રવિણ કુમાર અને બંટી


સચિન ખિલારી

**સચિન ખિલારી, યાસ્સેર અને પરવીને એફ૪૬ કેટેગરીની ગોળા ફેંકમાં ત્રણેય મેચ જીતી ક્લિન સ્વીપ કરી**


આયુષ વર્મા


દિલીપ ગાવિત

ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતી લઈને ક્લિન સ્વિપ કરી હતી.

જાપાન એશિયન ગેમ્સમાં ભારતે ત્રણ જ દિવસમાં ૧૪ ગોલ્ડ, ૨૨ સિલ્વર અને ૨૯ બ્રોન્ઝ સાથે કુલ ૬૫ મેડલ જીત્યા હતા અને મેડલ ટેબલમાં પાંચમો ક્રમ હાંસલ કરી લીધો હતો. ચીન ૧૦૭ ગોલ્ડ, ૬૨ સિલ્વર અને ૫૭ બ્રોન્ઝ સાથે ૨૨૬ મેડલ જીતીને ટોચ પર છે.

**ભારતના પેરા એથ્લીટ્સે ૨૧ મેડલ જીત્યા**

નાગોયા એશિયન ગેમ્સમાં ત્રીજા દિવસે ભારતે કુલ ૩૦ મેડલ જીત્યા હતા, જેમાંથી ૨૧ મેડલ પેરા એથ્લેટ્રિક્સની વિવિધ ઈવેન્ટ્સમાં મેળવ્યા હતા. આયુષ વર્માએ એફ૫૩ કેટેગરીની ગોળાફેંકની સ્પર્ધામાં તેમજ પ્રવીણ કુમારે ટી૬૪ ભાલા ફેંકની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. સચિન ખિલારી એફ૪૬ ગોળા ફેંકમાં ગોલ્ડ જીત્યો હતો. ભારતની સિમરન શર્મા ટી૧૨ અને દિલીપ ગાવિત ટી૪૭ કેટેગરીમાં ૧૦૦ મીટરનો ગોલ્ડ જીત્યા હતા. પેરા એથ્લેટિક્સમાં ભારતને સાત સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ પણ મળ્યા હતા.

**પેરા તીરંદાજી સહિત છ રમતોમાં મેડલ**

શીતલ દેવી અને પાયલ નાગની જોડી મહિલા ડબલ કમ્પાઉન્ડ ઈવેન્ટમાં ચીની જોડી સામે હારતાં પેરા તીરંદાજીમાં સિલ્વર જીતી હતી. ક્રિષ્ના અને સિવારાજનની જોડી એસએચ૬ મેન્સ ડબલ્સ બેડમિંટનમાં તેમજ કસ્તુરી રાજામણી પાવરલિફ્ટિંગની ૬૭ કેટેગરીમાં સિલ્વર જીતી હતી. પેરા સ્વિમિંગમાં રવિ બુડીગીના સિલ્વર અને હિમાંશુ નંદાલ-રોહિત કુમાર બ્રોન્ઝ જીત્યા હતા. સ્વાતિ ચૌધરી અને આદિલ અંસારીએ મિક્સ ટીમ ડબલ્યુ૧ રિકર્વ પેરા તીરંદાજીમાં બ્રોન્ઝ મેળવ્યો હતો.

**ભારત મેડલ ટેબલમાં છટ્ઠા ક્રમે**

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૧૦૭ | ૬૨ | ૫૭ | ૨૨૬ |
| જાપાન | ૨૯ | ૩૬ | ૩૫ | ૧૦૦ |
| ઉઝબેકિસ્તાન | ૨૯ | ૩૦ | ૩૦ | ૮૯ |
| સા.કોરિયા | ૧૫ | ૧૪ | ૧૭ | ૪૬ |
| ભારત | ૧૪ | ૨૨ | ૨૯ | ૬૫ |
| થાઈલેન્ડ | ૧૪ | ૧૯ | ૨૯ | ૬૨ |
| ઈરાન | ૧૪ | ૧૮ | ૨૬ | ૫૮ |
| કઝાકિસ્તાન | ૧૦ | ૧૧ | ૧૬ | ૩૭ |
| ઈન્ડોનેશિયા | ૮ | ૮ | ૨૨ | ૩૮ |
| મલેશિયા | ૩ | ૩ | ૩ | ૯ |

### એશિયન પેરા ગેમ્સ : ત્રીજા દિવસના ભારતના મેડલ વિજેતા

ગોલ્ડ (૫) : આયુષ વર્મા (ગોળા ફેંક, એફ૫૩), પ્રવીણ કુમાર (ઊંચી કૂદ, ટી૬૪), સચિન ખિલારી (ઊંચી કૂદ, ટી૬૪), સિમરન શર્મા (૧૦૦ મીટર, ટી૧૨), દિલીપ ગાવિત (૧૦૦ મીટર, ટી૪૭). સિલ્વર (૧૧): શીતલ દેવી-પાયલ નાગ (તીરંદાજી કમ્પાઉન્ડ ડબલ ઈવેન્ટ), બંટી (ઊંચી કૂદ ટી૬૪), ભાગ્યશ્રી જાધવ (ગોળા ફેંક, એફ૩૪), મોહમ્મદ યાસ્સેર (ગોળા ફેંક એફ૪૬), મનજીત વ્યાસ (ભાલા ફેંક એફ૧૨/૧૩), કસ્તુરી રાજામણી (પાવરલિફ્ટિંગ, ૬૭ કિગ્રા), ક્રિષ્ના નાગર-સિવારાજન સોલાઈમાલાઈ (બેડમિંટન, મેન્સ ડબલ્સ એસએચ૬), પ્રીતિ પાલ (૧૦૦ મીટર ટી૩૫), અકિરા બાનોથુ (મેન્સ ૪૦૦ મીટર ટી૩૫/૩૮), મોહમ્મદ બાસિલ (૧૦૦ મીટર, ટી૪૭), રવિ બુદિજીના (સ્વિમિંગ, ૧૦૦ મીટર બેકસ્ટ્રોક એસ૧૩). બ્રોન્ઝ (૧૪): અનુભવ ચૌધરી (૧૦૦ મીટર, ટી૩૫), પરવીન (મેન્સ ગોળા ફેંક એફ૪૬), રાકેશ ભટ્ટ (૧૦૦ મીટર, ટી૩૭), અલ્ફિના જેમ્સ-પલ્લવી કાલુવેહાલ્લી (બેડમિંટન વિમેન્સ ડબલ્સ ડબલ્યુએચ૧-૨), રવિ રોંન્ગાલી (ગોળા ફેંક એફ૪૦), હિમાંશુ નાનંદલ (સ્વિમિંગ, ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક એસબી૧૧), કરમજ્યોતિ દલાલ (ચક્રફેંક, એફ૫૫), સુખચૈન (ભાલા ફેંક એફ૫૫), પ્રણવ દેસાઈ (૧૦૦ મીટર,ટી૬૪), રોહિત કુમાર (સ્વિમિંગ ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક), શરથ મકનાહલ્લી (૧૫૦૦ મીટર ટી૧૨/૧૩), હાનેય (ચક્ર ફેંક, એફ ૩૭), શૈલેષ કુમાર (લાંબી કૂદ ટી ૪૨/ ૬૧/૬૩), સ્વાતિ ચૌધરી-આદિલ અંસારી (મિક્સ ડબલ્યુ૧ રિકર્વ તીરંદાજી).

### વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણી બરાબર રહી તે પછી ભારતને વધુ એક પડકાર

## આજે પ્રવાસી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે શ્રેણીનો પ્રથમ ટી-૨૦ મુકાબલો

ક્રાઈસ્ટચર્ચ,તા. ૨૨

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આવતીકાલે પાંચ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની પ્રથમ મેચ રમાશે. ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં એકબીજાનો સામનો કરી ચૂકેલી બંને ટીમો વચ્ચેની આ શ્રેણીનો પ્રારંભ ન્યૂઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ સ્થિત હેગ્લી ઓવલ મેદાન પર થશે. ભારતીય સમય અનુસાર બપોરે ૧૨:૩૦ વાગ્યે મેચ શરૂ થશે. ભારતીય ટીમનું નેતૃત્વ શ્રેયસ ઐયર કરશે, જ્યારે યજમાન ટીમની કમાન મિચેલ સેન્ટનરના હાથમાં રહેશે.



**થાકનો સામનો**

વેસ્ટ ઈન્ડિઝ સામે ઘરઆંગણે રમાયેલી પાંચ મેચની ટી-૨૦ શ્રેણી ૨-૨થી બરાબર રહી હતી. બેંગલુરુમાં ૧૭ આત્ક્ટોબરે રમાનારી નિર્ણાયક મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. આ શ્રેણી પૂરી થયાને હજુ અઠવાડીયું પણ પૂરું નથી થયું ત્યારે ભારતીય ટીમને ન્યૂઝીલેન્ડનો વિમાન પ્રવાસના થાક ઉપરાંત ખાસ પ્રેક્ટિસ પણ કરવા ન મળી હોય તેવી સ્થિતિમાં નવા વાતાવરણ અને પરિસ્થિતિઓ સાથે તાલમેલ બેસાડવાનો છે.

**ભુવનેશ્વર પર નજર**

બુમરાહ-હાર્દિકની ગેરહાજરીમાં ભારતીય બોલિંગ આક્રમણની જવાબદારી અન્ય અનુભવી અને યુવા ખેલાડીઓ પર રહેશે. ભુવનેશ્વર કુમાર ભારતનો સિનિયર અગ્રીમ બોલર રહેશે. અભિષેક, સેમસન, કિશન અને તિલક જેવા બેટ્સમેનો પાસેથી ટીમને ઉપયોગી યોગદાનની અપેક્ષા રહેશે. ઓલરાઉન્ડર અક્ષર અને શિવમ પણ ટીમનું સંતુલન જાળવવામાં મહત્ત્વપૂર્ણ બની શકે છે.




**મજબૂત ટીમ**

બીજી તરફ, મિચેલ સેન્ટનરની આગેવાની હેઠળની ન્યૂઝીલેન્ડની ટીમમાં ફિન એલન, ડેવોન કોનવે, ટિમ સેઈફર્ટ, ગ્લેન ફિલિપ્સ અને ડેરિલ મિચેલ જેવા બેટ્સમેનો છે. બોલિંગમાં મેટ હેનરી, લોકી ફર્ગ્યુસન, એડમ મિલ્ને અને કાયલ જેમિસન જેવા ઝડપી બોલરો યજમાન ટીમને મજબૂતી આપે છે. ભારત સામેની શ્રેણી માટે ન્યુઝીલેન્ડે સાત ઝડપી બોલરોનો સમાવેશ કર્યો છે.

**પીચ પર નજર**

ક્રાઈસ્ટચર્ચના હેગ્લી ઓવલની પીચ પર નવા બોલથી ઝડપી બોલરોને સ્વિંગ અને સીમ મૂવમેન્ટ મળી શકે છે. ઠંડા વાતાવરણમાં રમાનારી આ મેચમાં શરૂઆતની ઓવરો બેટ્સમેનો માટે પડકારરૂપ બની શકે છે. ટોસ જીતનાર કેપ્ટન પ્રથમ બોલિંગ પસંદ કરી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

**વૈભવ માટે ઈંતેજારી**

વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં તેને તક મળે તેમ લાગતું નથી. કેપ્ટન ઐયરે પણ અણસાર આપ્યો છે કે વૈભવે રાહ જોવી પડશે. જો પ્રથમ ત્રણેક મેચમાં સેમસન નિષ્ફળ જાય તો વૈભવની રમવાની શક્યતા વધે. આ પ્રવાસ તેના માટે વિદેશી પરિસ્થિતિઓમાં આંતરરાષ્ટ્રીય સ્તરની તૈયારી અને અનુભવ મેળવવાની તક બની શકે છે.

**પાવર પ્લેની મહત્તા**

ભારત માટે શરૂઆતની ઓવરોમાં વિકેટો જાળવી રાખવી અને ન્યૂઝીલેન્ડના ઝડપી બોલરોનો સામનો કરવો મહત્ત્વપૂર્ણ રહેશે. બીજી તરફ, યજમાન ટીમ ભારતીય બેટિંગ પર શરૂઆતથી દબાણ ઊભું કરવાનો પ્રયાસ કરશે.

**ભારત** (સંભવિત) : અભિષેક, સેમસન (વિ.કી.), કિશન, શ્રેયર્સ (કેપ્ટન), તિલક, દૂબે, નિતીશ, અક્ષર, ભૂવનેશ્વર, પ્રિન્સ અને અર્શદીપ

**ન્યૂઝીલેન્ડ** (સંભવિત) : એલન, સેઈફર્ટ (વિ.કી.), કોન્વે, ફિલિપ્સ, મિચેલ, બ્રેસવેલ, સાન્ટનર (કેપ્ટન), નેથન સ્મિથ, જેમિસન, હેનરી, ફર્ગ્યુસન

## મેચનો પ્રારંભ બપોરે ૧૨.૩૦થી : ન્યુઝીલેન્ડની ઉછાળ આપતી પીચ પર ભારતીય બેટ્સમેનોની કસોટી થશે

### સિંધુએ ત્રણ ગેમના સંઘર્ષ બાદ સુપાનિદાને હરાવી

પેરિસ : સિંધુએ ત્રણ ગેમના ભારે સંઘર્ષ બાદ ૨૧-૧૪, ૮-૨૧, ૨૩-૨૧થી સુપાનિદાને ફ્રેન્ચ ઓપન બેંડમિન્ટન ટુર્નામેન્ટમાં મહાત આપી હતી. જોકે ભારતનો લક્ષ્ય સેન ઈજાના કારણે રમવા ઉતર્યો નહતો. આયુષ શેટ્ટીએ ૧૯-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૨થી શ્રીકાંતને હરાવ્યો હતો. સાત્વિક-ચિરાગ પણ હાર્યા હતા.

### ૩૧મી ઓક્ટોબરે મેન્સ અને વિમેન્સની ફાઈનલ

## અમદાવાદમાં ૨૩મીથી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપનો પ્રારંભ થશે



વધશે. ચેમ્પિયનશિપ અગાઉ ભારતની સત્તા જર્સીની સાથે એન્થમ, લોગો અને મૅસ્કોટનું અનાવરણ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જિતેન્દ્ર પ્રાણ સિંહ ઠાકુર પણ હાજર રહ્યા હતા.

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં ૨૩ થી ૩૧મી ઓક્ટોબર દરમિયાન સૌપ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપનું આયોજન થવા જઈ રહ્યું છે. કોમનવેલ્થના ૧૩ દેશના આશરે ૪૦૦ જેટલા ખેલાડીઓ આ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રહ્યા છે. પુરુષ અને મહિલા વિભાગની ફાઈનલ તારીખ ૩૧મી ઓક્ટબરના રોજ રમાશે.

એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાઈ રહેલી આ ચેમ્પિયનશિપમાં પુરુષ અને મહિલાઓની કુલ ૨૩ ટીમ વચ્ચે કુલ ૬૨ મેચ રમાશે. અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આ ચેમ્પિયનશિપ અંગે ઈન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશનના જનરલ સેક્રેટરી તેજસ્વી ગેહલોતે કહ્યું કે, આ ઈવેન્ટથી આંતરરાષ્ટ્રીય સ્તરે કબડ્ડીનો વ્યાપ

### સૌરાષ્ટ્રની ટીમે કર્ણાટક સામે ત્રણ પોઈન્ટ મેળવ્યા

## રણજી ટ્રોફીમાં દિલ્હી સામેની ડ્રો થયેલી મેચમાં ગુજરાતની ટીમને એક પોઈન્ટ

અમદાવાદ, તા.૨૧

રણજી ટ્રોફીમાં દિલ્હી સામેની ડ્રો થયેલી મેચમાં ગુજરાતની રણજી ટીમને એક જ પોઈન્ટ મળ્યો હતો. દિલ્હીએ પ્રથમ ઈનિંગ ૬૪૮/૬ પર ડિકલેર કરી હતી. જેની સામે ગુજરાતની ટીમે પ્રથમ ઈનિંગ ૪૭૯ રન નોંધાવ્યા હતા. દિલ્હીએ ગુજરાતને ફોલોઓન કર્યું હતુ અને બીજી ઈનિંગમાં ગુજરાતે ૧ વિકેટે ૧૫ રન કર્યા ત્યારે બંને કેપ્ટનોએ મેચ ડ્રો કરવાનો નિર્ણય લીધો હતો. અવે મેચમાં ગુજરાતે પ્રથમ ઈનિંગ ૩૬૩/૫થી ચોથા અને આખરી દિવસે આગળ ધપાવી હતી અને વધુ ૧૧૬ રન ઉમેરતાં બાકીની પાંચ વિકેટ ગુમાવી હતી. મનન હિંગરાજીયા ૧૦૮થી આગળ રમતાં ૧૨૩ રને શોકિનનો શિકાર બન્યો હતો. ચિંતન ગજાએ ૨૨૮ બોલમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૮૨ રન નોંધાવ્યા હતા. ઋતિક શોકિને ૧૪૩ રનમા પાંચ વિકેટ ઝડપી હતી.

**સૌરાષ્ટ્ર અને કર્ણાટકની મેચ પણ ડ્રો**

પ્રથમ ઈનિંગમાં સાત રનની પાતળી પણ મહત્વની સરસાઈ મેળવનારી સૌરાષ્ટ્રની ટીમને કર્ણાટક સામેની ડ્રો મેચમા ત્રણ પોઈન્ટ મળ્યા હતા. આજે આખરી દિવસે કર્ણાટકે બીજી ઈનિંગ ૨૪૩/૭ પર ડિકલેર કરી હતી, જેમાં અનીષના ૭૯ રન મુખ્ય હતા. પ્લેયર ઓફ ધ મેચ પાર્થ ભુતે ૮૦ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. જીતવા માટેના ૨૩૭ના ટાર્ગેટ સામે સૌરાષ્ટ્રે ચિરાગ જાનીના ૬૩*ની મદદથી ૧૩૭/૨ સ્કોર કર્યો હતો અને મેચડ્રો થઈ હતી.

### જાન્સેનની પાંચ વિકેટ : ઓસ્ટ્રેલિયા ૯૯ રનમાં ખખડ્યું

## બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકા સામે ઓસ્ટ્રેલિયા પર પરાજયનો ભય

### ફોલોઓન બાદ ઓસ્ટ્રેલિયાના બીજી ઈનિંગમાં ૧૫૬/૪ : આજે આખરી દિવસ

ક્યૂબેરા, તા. ૨૧

જાન્સેને ૩૩ રનમાં પાંચ વિકેટ ઝડપતા બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાના પ્રથમ ઈનિંગના ૯ વિકેટે ૪૨૫ ડિક્લેરના જવાબમાં ઓસ્ટ્રેલિયા માત્ર ૯૯ રનમાં ખખડી જઈ ફોલો ઓન થયું હતું. બીજી ઈનિંગમાં પણ સાઉથ આફ્રિકાએ દબાણ જાળવી રાખ્યું છે. ચોથા દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગમાં ૪ વિકેટે ૧૫૬ રન બનાવ્યા હતા. જોકે, પ્રથમ ઈનિંગમાં મોટો ફટકો પડ્યા બાદ ઓસ્ટ્રેલિયા હજુ સાઉથ આફ્રિકાથી ૧૭૦ રન પાછળ છે. આથી પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયા માટે ટેસ્ટ બચાવવાનો પડકાર મુશ્કેલ બન્યો છે. રમતના અંતે ઓપનર હેડ ૮૭ રને અને નાઈટ વોચમેન બોલેન્ડ ૨૩ બોલમાં બે રન બનાવી નોટ આઉટ છે. **સ્કોર** : સાઉથ આફ્રિકા પ્રથમ ઈનિંગ ૯ વિકેટે ૪૨૫ ડિક્લેર (કેપ્ટન બવુમા ૩૩૪ બોલ, ૫૫૨ મિનિટમાં ૧૮ ચોગ્ગા, એક છગ્ગા સાથે ૧૭૯, જાન્સેન ૧૦૦ બોલમાં નવ ચોગ્ગા, ત્રણ છગ્ગા સાથે ૮૫, હાર્મર ૮૨,બોલેન્ડ પાંચ, સ્ટાર્ક ત્રણ વિકેટ) ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ ૯૯ (સ્ટીવ સ્મિથ ૨૮, હેડ ૧૪ રન, જાન્સેનની પાંચ, રબાડા-મુલ્ડરની બે - બે વિકેટ)બીજી ઈનિંગ ૪ વિકેટે ૧૫૬ (હેડ નોટ આઉટ ૮૭, લાબુશેન ૩૯, રેનશો ૧૧,વેબસ્ટર ૮,મેડિન્શન ૮, બેટિંગમાં સ્ટીવ સ્મિથ, કેરી અને બોલરો બાકી છે, રબાડાની અને હાર્મરની બે - બે વિકેટ)

### ત્રિકોણીય વન-ડે જંગમાં આજે શ્રીલંકા અને ઈંગ્લેન્ડ જીતનો ખાતું ખોલાવવા ઉતરશે : બપોરે ૧.૩૦થી મેચ

## ટેબલ ટેનિસ : જયનીલ અને ફિલઝાહ જીત્યા

અમદાવાદ : રાજકોટના જયનીલ મહેતા અને સુરતની ફિલઝાહફાતેમા કાદરીએ ગાંધીધામમાં રમાયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં અનુક્રમે પુરુષ અને મહિલા સિંગલ્સના ટાઈટલ જીત્યા હતા. અરવલ્લીનો જન્મેજય પટેલ અને અમદાવાદની મૌબોની ચેટર્જી બંને કેટેગરીમાં રનરઅપ રહ્યા હતા. મૌબોનીએ અંડર-૧૭ ગર્લ્સ સિંગલ્સ પણ જીતી હતી. વિવાન દવે અંડર-૧૯ અને ૧૭માં ચેમ્પિયન બન્યો હતો. પ્રથા પવારે અંડર-૧૯માં ટાઈટલ મેળવ્યું હતુ.


**જાહેર નોટિસ**

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૬ (નરોડા) ના તાલુકા અસારવાના મોજે હંસપુરા ની સીમના સદર સર્વે/બ્લોક નં.૧૨૦/અ/૨ ની ૯૨૩૮ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૦૯ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૭૯/૧ ની ૧૫૫૪૦ ચો.મી. પૈકી સબ પ્લોટ નં.૨ ની ૫૨૨૦ ચો.મી. તથા ૭.૫૦ મીટર રોડ રસ્તાની ૩૨૨.૭૩ ચો.મી. તથા સર્વે/બ્લોક નં.૧૨૦/અ/૪/પૈકી ૧ ના ટી.પી. સ્કીમ નં.૧૦૯ ના ફાઈનલ પ્લોટ નં.૭૯/૩ ની ૧૨૬૦ ચો.મી. જમીનને એકત્રીત કરતા નવો ફાળવેલ એકત્રીત ફાઈનલ પ્લોટ નં.૭૯/૩ + ફાઈનલ પ્લોટ નં.૭૯/૧ ના સબ પ્લોટ નં.૨ + ૭.૫૦ મીટર વાઈડ ઈન્ટરનલ રોડ ની ૬૮૦૩ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન તથા તેમાં જવા- આવવાના તમામ પ્રકારના ચાલ નિકાલના હક્કો હિતો સહિતની જમીનના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન BALAJI INFINITY એ નામની ભાગીદારી પેઢીની માલિકી કબજા ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.



**જાહેર નોટિસ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ તાલુકા સાણંદના મોજે ગામ વાસણા ચાચરાવાડી ગામની સીમના ખાતા નંબર ૧૭૧૪ ના સર્વે નંબર ૯૪ ની ૧૫૦૭૫ સમચોરસમીટર બીનખેતીની જમીન (૧) ચાવડા જયેશભાઈ મનુભાઈ (૨) પૃથેશ બાબુલાલ શાહ (૩) નમન પૃથેશ શાહ ના સંયુકત માલિકી કબજા ભોગવટામાં આવેલ છે તેમજ મજકુર જમીન તમામ પ્રકારના બોજાઓથી મુકત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તેથી મજકુર મિલ્કત પરત્વેના તેમના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના અમારા અભિપ્રાય/ સર્ટીફીકેટની માંગણી કરી છે. સદરહુ જમીન ઉપર શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર હકક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન સાતની અંદર અમોને નીચેના સરનામે રજી. એ. ડી. થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ સર્ટીફેકીટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. આથી નોંધ લેવી.

તારીખ : ૨૨/૧૦/૨૦૨૬

V. V. Patel & Associates
Advocates & Legal Advisors
B2, Ninth Floor, Palladium, B/h Divya Bhaskar Office, Corporate Road (Prahaladnagar) Makarba, Ahmedabad-380051
Phone No : 079-2968611, 079-49402459 9925171083, 9909018394



**જાહેર નોટિસ**

મોજે: નિધરાડ, તાલુકા સાણંદ, જીલ્લા અમદાવાદની સીમના સર્વે/બ્લોક નંબર: ૭૬૨/૧બ ની ખાતા નંબર: ૨૨૪૫ થી સમાવેશ થયેલ કુલ ૦-૮૯-૦૦ હેકટર-આરે-ચોરસમીટરની જુની શરતની ખેતીની સમગ્ર જમીન (૧) અરવિંદભાઈ અંબાલાલ પ્રજાપતિ (૨) મુકેશકુમાર અંબાલાલ પ્રજાપતિ (૩) અંબાલાલ અમથાભાઈ પ્રજાપતિ (૪) કાંતાબેન અંબાલાલ પ્રજાપતિ તથા (૫) આનંદિબેન તે અંબાલાલ અમથાભાઈ પ્રજાપતિના દીકરી તે ખોડાભાઈ પ્રજાપતિના પત્નિના સંયુકત માલીકી કબજા ભોગવટાની તેમજ અન્ય કોઈના માલીકી હકક, હિસ્સા, વારસાઈ લાગભાગ કે બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાના હેતુથી મજકુર જમીનના ટાઈટલ કલીયર હોવા બાબતના અભિપ્રાય ની માંગણી અમો પાસે કરેલ છે. મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો વારસાઈ હકક, હિસ્સો, દાવો, બોજો બાનાખતના હકકો, લીયન કે એટેચમેન્ટ કે લાગભાગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ (સાત) માં તેની ખરી નકલોવાળા દસ્તાવેજી પુરાવા સહીતની લેખીત જાણ અમોને નીચેના સરનામે કરવી અન્યથા મજકુર જમીન ઉપર આવા હકક, હીસ્સા, બોજા કે લાગભાગ તેઓએ સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી મુદત વીત્યે ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે તથા વેચાણ દસ્તાવેજની કાર્યવાહી પુર્ણ કરાવી લેવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ: ૨૨/૧૦/૨૦૨૬

નિમિષ વી. દેશાઈ
એડવોકેટ,
V. D. DESAI & CO.
૨૧૨, ''આકાશરથ'' બીજો માળ, નેશનલ હેન્ડલુમ સામે, લો ગાર્ડન, અમદાવાદ
ફોન: (મો) ૯૯૯૮૨ ૧૭૩૫૪



**જાહેર નોટિસ**

**મોજે-હરના હોડા**
**સર્વે નં-૮૭૯**
**જુનો સર્વે નં. ૪૯૭**

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકા માણસા ના મોજે -હરના હોડા ગામની સીમના ખાતા નંબર- ૧૪૭ ની, નવો બ્લોક/સર્વે નં.- ૮૭૯ (જુના બ્લોક/ સર્વે નં.- ૪૯૭) ની હે.આરે.ચો.મી. ૧-૦૭-૦૨ વાળી ખેતીની જમીન (૧) ચાવડા ત્રિકમબા ચંદનજી વરવાજી (૨) ચાવડા કૈલાશબા ચંદનજી (૩) ચાવડા કરણજી ચંદનજી (૪) ચાવડા સમરુજી લાલજી (૫) ચાવડા ભરતજી લાલજી(૬) ચાવડા દિનેશજી લાલજી (૭) ચાવડા ચતુરબા અરજણજી (૮) ચાવડા ઈશ્વરજી અરજણજી (૯) ચાવડા વિનુબા દશરથજી (૧૦) ચાવડા રેખાબા દશરથજી નાઓ એ પોતાની સંયુકત માલિકી, કબજાભોગવટાની આવેલી હોવાનુ જણાવી અમોના અસીલને તે પૈકી ૦-૬૩-૦૦ જમીન વેચાણ આપવા માગતા હોઈ સદરહુ જમીન અંગે અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માગણી કરેલ છે. જેથી આ નોટિસ આપી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે સદર જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ (સાત)માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજી. પોસ્ટથી જાણ કરવી. જો આમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો કે અલાખો પોષાતો આવેલ નથી અગર હોયતો તેવા હકકો જતા યાને વેવ (Waive) કરેલ છે તેમ માની ટાઇટલ કલીયરન્સ સર્ટિફકેટ આપવામાં આવશે જે જાણશો અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેવી.

તા. ૨૨/૧૦/૨૦૨૬

RUSHI A. BAROT
ADVOCATE
Office : 405, I- The Address, B/s Sola Bridge, Science City Road, Sola, Ahmedabad-61
Mo. No. 78190 87087

## એનવીડિયા શિપિંગ કન્ટેનરમાં ડેટા સેન્ટર બનાવશે



એનવીડિયાએ એઆઈ ડેટા સેન્ટર માટે શિપિંગ કન્ટેનર મોડ્યુલ રજૂ કર્યું છે. પહેલાથી તૈયાર આ કન્ટેનર સિસ્ટમને સેટ કરવાનો સમય ૬ મહિનાથી ઘટાડીને માત્ર ૧૪ દિવસ સુધી લાવી શકે છે. બર્લિનમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વેરા રુબિન કમ્પ્યુટિંગ પ્લેટફોર્મ આધારિત સિસ્ટમ જોવા મળી હતી. તેમાં કમ્પ્યુટિંગ સિસ્ટમ, નેટવર્કિંગ, કેબલિંગ, પાવર અને લિક્વિડ કૂલિંગની વ્યવસ્થા છે. આ મોડ્યુલને સ્થળ પર પહોંચાડીને ત્યાંની ઈલેક્ટ્રીસિટી, કૂલિંગ અને નેટવર્ક સાથે જોડવાનું રહેશે. એનવીડિયા આ પ્રોજેક્ટ માટે ડેલ ટેકનોલોજી, એચપીઈ, લેનોવો, ફોક્સકોન સહિતની કંપનીઓ સાથે કામ કરી રહી છે. ૨૦૨૭માં તેની ડિલિવરી શરૂ કરવામાં આવશે.

### એસબીઆઈના ૩૮૯૭ ગ્રાહકોના ડેટા ડાર્ક વેબ પર ફરતા થયા

# એસબીઆઈના ગ્રાહકોના ડેટા બાદ એચડીએફસીની ગુપ્ત માહિતી લીક

નવી દિલ્હી, તા. ૨૧

**માર્કેટ કેપિટલની દ્રષ્ટીએ ભારતની સૌથી મોટી ખાનગી બેન્ક એચડીએફસીની ગુપ્ત માહિતી લીક થયાનો મામલો સામે આવ્યો છે. આ માહિતી કોઈ સામાન્ય કર્મચારીએ નહીં પણ બેન્કના જ કેટલાક અધિકારીઓ દ્વારા લીક કરી દેવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીઓને માહિતી લીક થયાની શંકા બાદ બેન્ક દ્વારા તપાસ શરૂ કરાઈ હતી. જેમાં બે અધિકારીઓએ માહિતી લીક કરી હોવાનું સામે આવ્યું છે.**

## એચડીએફસીમાં પોતાના જ બે અધિકારીઓએ બેન્કના બિઝનેસ સાથે સંકળાયેલી ગુપ્ત માહિતી બહાર પાડી દીધી

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા એસબીઆઈએ બુધવારે કહ્યું હતું કે તેમના આશરે ૩૮૯૭ ગ્રાહકોની અંગત માહિતી સહિતના ડેટા ડાર્ક વેબ પર લીક થવાના મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. હજુ એસબીઆઈના ગ્રાહકોના ડેટા લીક થયાની ચર્ચા ચાલી રહી છે એવામાં હવે એચડીએફસી બેન્કની માહિતી ખુદ અધિકારીઓ દ્વારા લીક કરી દેવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. એસબીઆઈમાં ગ્રાહકોના ડેટા લીક થયાના અહેવાલો હતા જ્યારે એચડીએફસી બેન્કના વેપાર સાથે જોડાયેલી માહિતી લીક થયાના અહેવાલો સામે આવ્યા છે.

એચડીએફસીમાં હાલ પોતાના જ બે અધિકારીઓ સામે તપાસ ચાલી રહી છે, શું આ અધિકારીઓ દ્વારા લીક કરાયેલી માહિતીનો કોઈ દુરુપયોગ થયો છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. બેન્કના પ્રવક્તાએ કહ્યું હતું કે બેન્કની પોલિસી મુજબ હાલ તપાસ ચાલી રહી છે.

જોકે આ અધિકારીઓ કોણ છે અને ક્યાં પદ પર છે વગેરે વધુ માહિતીને જાહેર કરવામાં નહોતી આવી. જે માહિતી લીક કરવામાં આવી છે તે બેન્કના બિઝનેસ સાથે જોડાયેલી ગુપ્ત જાણકારી છે. જ્યારે એસબીઆઈ બેન્કના આશરે ચાર હજાર જેટલા ગ્રાહકોના ડેટા લીક થયાના અહેવાલો સામે આવ્યા હતા, લીક થયેલા ડેટાઓમાં ગ્રાહકોના મોબાઈલ નંબર, ઈમેલ એડ્રેસ, રહેણાંકનું સરનામું વગેરે સમાવેશ થાય છે. જોકે બાદમાં એસબીઆઈએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ગ્રાહકોના ખાતામાં રહેલા નાણા સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

**એસબીઆઈના ગ્રાહકોના મોબાઈલ નંબર સહિતની માહિતી લીક, બેલેન્સ સલામત હોવાનો બેન્કનો દાવો**

### અમેરિકન પ્રમુખનું રેટિંગ ૩૧ ટકાએ પહોંચ્યું, અમેરિકનો ત્રાહિમામ્

# ટ્રમ્પનું રેટિંગ તળિયે: રિપબ્લિકન મિડ ટર્મ ગુમાવે તેવી પ્રબળ સંભાવના

વોશિંગ્ટન,તા.૨૧

**અમેરિકન પ્રમુખ ટ્રમ્પનુ તળિયે જતું રેટિંગ દર્શાવે છે કે રિપબ્લિકન મિડ ટર્મ ગુમાવી દે તેવી પ્રબળ સંભાવના છે. ટ્રમ્પનું રેટિંગ વિક્રમજનક રીતે નીચલા સ્તર ૩૧ ટકાએ પહોંચી ગયું છે. ગેસોલીનના ઊંચા ભાવ અમેરિકનોનું બજેટ બગાડી રહ્યા છે અને અમેરિકનો તેના માટે ટ્રમ્પને જવાબદાર માને છે. તેના લીધે ત્રીજી નવેમ્બરે યોજાનારી મિડ ટર્મ ચૂંટણીના પરિણામનું પલ્લ ડેમોક્રેટ્સ તરફ ઝૂકે તેમ માનવામાં આવે છે.**

## ડેમોક્રેટ્સની તરફેણમાં ૪૭ ટકા મતદારો તો રિપબ્લિકનની તરફેણમાં ફક્ત ૩૫ ટકા જ વોટરો હોવાનું સર્વેક્ષણનું તારણ

બે અઠવાડિયા પહેલા ટ્રમ્પનું રેટિંગ ૩૩ ટકા હતુ અને હવે તે ઘટીને ૩૧ ટકા થઈ ગયું છે. આ સ્તર પ્રેસિડેન્ટ તરીકે સૌથી નીચામાં નીચું રેટિંગ દર્શાવે છે. આ બતાવે છે કે અમેરિકનો ટ્રમ્પની નીતિઓના લીધે કેટલા નારાજ છે. તેના કારણે આવેલી મોંઘવારીથી સામાન્ય અમેરિકનો ત્રાહિમામ પોકારી ગયા છે.

આજે જો ચૂંટણી થાય તો ૪૭ ટકા મતદારો ડેમોક્રેટ્સને પસંદ કરે અને ૩૫ ટકા મતદારો જ ટ્રમ્પને પસંદ કરે. આમ વર્તમાન ચૂંટણી સાઈકલમાં ડેમોક્રેટ્સ રિપબ્લિકન પર ૧૨ પોઈન્ટની સરસાઈ ધરાવે છે, જે અમેરિકન રાજકારણમાં ઘણી મહત્ત્વની કહી શકાય. બે સપ્તાહ પહેલાના જ પોલમાં ડેમોક્રેટ્સના ૪૪ ટકા અને રિપબ્લિકનનું ૩૭ ટકા રેટિંગ હતું.

**રિપબ્લિકને મહિલા મતદારો પરથી પક્કડ ગુમાવી, ફક્ત ૩૨ ટકા જ તેમની તરફેણમાં, ૫૦ ટકા ડેમોક્રેટ્સને મત આપશે**

ટ્રમ્પની સૌથી વધુ નારાજ હોય તો તે મહિલા મતદારો છે. સ્વાભાવિક છે ઘરનું બજેટ બગડે તે કઈ મહિલાને ગમે. લગભગ ૫૦ ટકા મહિલા મતદારોનું કહેવું છે કે તે ડેમોક્રેટ્સને મતદાન કરશે. તેની સામે ફક્ત ૩૨ ટકા મહિલા મતદારો જ રિપબ્લિકનને મત આપવા માંગતી હતી. તેની સામે પુરુષો ડેમોક્રેટ્સની તરફેણ કરતા હતા, પરંતુ તેમનું માર્જિન મહિલા મતદારો કરતાં ઓછું હતું.

ટ્રમ્પે ઈરાન પર હુમલો કર્યો ત્યારથી તેમની લોકપ્રિયતાનો ગ્રાફ સતત નીચે ઉતરતો રહ્યો છે. આ હુમલાના લીધે ગેસોલિનના ભાવ વધી ગયા છે. દરેક કુટુંબનું બજેટ ખોરવાઈ ગયું છે. ૬૮ ટકા અમેરિકનો માને છે કે ટ્રમ્પ અર્થતંત્રને યોગ્ય રીતે સંભાળી શક્યા નથી. તેમા ૩૭ ટકા રિપબ્લિકનાનો પણ સમાવેશ થાય છે. મતદાતાઓને લાગી રહ્યુ છે કે રિપબ્લિકનો કરતાં ડેમોક્રેટ્સ અર્થતંત્રને સારી રીતે સંભાળી શકે છે. આવું માનનારા મતદારોની સંખ્યા ૪૦ ટકા છે, જે અગાઉ ૩૩ ટકા હતી.

અમેરિકનો માની રહ્યા છે કે ઈઝરાયેલ માટે ટ્રમ્પે ઈરાન પર આક્રમણ કર્યુ, બાકી ઈરાન પર આક્રમણ કરવાની કોઈ જરૂરિયાત જ ન હતી. ઈરાન યુદ્ધ ટ્રમ્પ માટે હાથ ચોળીને ઊભું કરેલું શૂળ છે.

### અકળ મતદારો રિપબ્લિકનો માટે મોટી અકળામણ

# ટ્રમ્પ ચૂંટણીમાં ધાંધલી કરે તેવો ડેમોક્રેટ્સને મોટો ડર

વોશિંગ્ટન,તા.૨૧

**અમેરિકામાં ત્રીજી નવેમ્બરે મિડ-ટર્મ ઈલેકશન છે ત્યારે તેમા ડેમોક્રેટ્સને ચિંતા છે કે ટ્રમ્પનું તંત્ર ચૂંટણીમાં ધાંધલી કરવાનો પ્રયત્ન કરી શકે છે. બીજી બાજુ રિપબ્લિકનને ચિંતા છે કે અકળ વલણ ધરાવતા મતદારો ગમે તે બાજુએ ઢળી શકે છે.**

## બંને પક્ષના સમર્થક અમેરિકનો માને છે કે ચૂંટણી પ્રક્રિયા વિદેશી સરકારોથી પ્રભાવિત

ડેમોક્રેટ્સ તરફ ઝુકેલા દર ૧૦માંથી નવ મતદારોનું માનવું છે કે ટ્રમ્પ ચૂંટણીના પરિણામ પર પ્રભાવ પાડી શકે છે તે મોટી મુશ્કેલી છે. જ્યારે રિપબ્લિકનના દર દસમાંથી બે જ વોટર આવું માને છે. આ ઉપરાંત કેટલાય મતદારો માને છે કે તેમણે પોસ્ટથી મોકલેલા મતોની ગણતરી થાય તેવી સંભાવના વધારે છે.

બંને પક્ષના નોંધપાત્ર વોટરોનું કહેવું છે કે વિદેશી સરકારો ચૂંટણીનાપ રિણામો પર પ્રભાવ પાડી શકે છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ચૂંટણી અંગે ખોટી માહિતી સર્જી શકાય છે અને રાજ્યો ઈરાદાપૂર્વક કોઈ એક પક્ષની તરફેણ કરી શકે છે, આ મોટી મુશ્કેલીઓ છે.

એક સમય હતો જ્યારે ૨૦૨૦માં ચૂંટણી હાર્યા પછી ટ્રમ્પના સમર્થકોએ યુએસ કેપિટલ સળગાવ્યુ હોવા છતાં ડેમોક્રેટ મતદારાને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ હતો તે આ વખતે હચમચી ગયો છે. લગભગ ૫૦ ટકાડેમોક્રેટ મતદારો આ વખતે ચૂંટણી પ્રક્રિયા અને તેને લઈને આવતા પરિણામો અંગે સાશંકિત છે. જ્યારે રિપબ્લિકનોનો ચૂટણી પ્રક્રિયામાં વિશ્વાસ વધ્યો છે. ૨૦૨૨ની તુલનાએ ૩૮ ટકા રિપબ્લિકનોને આ પ્રક્રિયા પર વિશ્વાસ છે.

આ ઉપરાંત કેટલાય લોકોને ડર છે કે ટ્રમ્પ ચૂંટણી જીતવા માટે સામાન્ય મતદારોને ધમકાવી શકે છે. તેમને ડરાવી શકે છે. લોકો તેને વોટ ન આપે તેમ હોય તો તેવા લોકોને મતદાનથી દૂર રાખવા માટેનું કોઈ મોટું પગલું પણ ભરી શકે છે.

### હાઈકોર્ટના ચુકાદાને રદ કરતી સુપ્રીમનું અવલોકન

# ટ્રાયલમાં વર્ષોનો સમય લાગવાના આધારે આરોપીને છોડી ના શકાય

નવી દિલ્હી, તા. ૨૧

**ટ્રાયલ કોર્ટમાં ૨૨ વર્ષ સુધી કેસ ચલાવવાના આધાર પર આરોપીઓને રાહત આપી છોડી મુકવા બદલ અલ્લાહાબાદ હાઈકોર્ટની સુપ્રીમ કોર્ટે ભારે ટીકા કરી હતી. સાથે જ આરોપીઓને સરેન્ડર કરવાના આદેશ પણ આપ્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે આરોપીઓ પ્રત્યે સહાનુભૂતિ દેખાડવી યોગ્ય નથી.**

## હાઈકોર્ટે આરોપીઓ પ્રત્યે સહાનુભુતિ રાખી જ્યારે પીડિત પર ધ્યાન ના આપ્યું : સુપ્રીમ

સુપ્રીમે કહ્યું હતું કે આ સમગ્ર મામલામાં કોર્ટ દ્વારા પીડિત પર ધ્યાન જ ના આપવામાં આવ્યું, પીડિત આજે પણ સારવાર લઈ રહેલ છે. વર્ષ ૨૦૦૩ના આ મામલામાં સુપ્રીમ કોર્ટે બન્ને આરોપીઓને સરેન્ડર કરવાના આદેશ આપ્યા હતા. સાથે જ અલ્લાહાબાદ હાઈકોર્ટને આ મામલે નવેસરથી ફરી સુનાવણી કરવા પણ કહ્યું છે. આ મામલામાં ટ્રાયકોર્ટે બે આરોપીઓને દોષિત ઠેરવીને પાંચ વર્ષની સજા આપી હતી. જોકે હાઈકોર્ટે બન્નેને પ્રોબેશન પર છોડી મુક્યા હતા. આરોપીઓ એક દિવસ પણ કેદની સજા ભોગવ્યા વગર છૂટી ગયા. સુપ્રીમે નોંધ્યું હતું કે લાંબો ચુકાદો ચલાવવો જરૂર પીડાદાયક હોઈ શકે છે. જોકે આ મામલામાં તો આરોપીઓ જામીન પર છૂટ્યા બાદ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ થયા હતા. તેમ છતા હાઈકોર્ટ દ્વારા આરોપીઓને રાહત આપવામાં આવી.

# ૫૧ હજારનો ઈનામી વાંદરો પકડાતા યુવક તેને પીઠ પર બેસાડીને નીકળ્યો

પલવલ(હરિયાણા),તા.૨૧

**હરિયાણાના પલવલ જિલ્લાના હથીન વિસ્તારમાં એક વાંદરાને પકડ્યા પછી એવો નજારો જોવા મળ્યો, જેનો વિડિયો હવે ચર્ચામાં છે.**

## પાછળ-પાછળ આવી રહેલી લોકોની ભીડે વાંદરાને ધોલ-ધપાટ કરવા માંડી

વિડિયોમાં પોતાની પીઠ પર વાંદરાને લઈને જઈ રહેલા શખ્સની પાછળ મોટી ભીડ જઈ રહી છે. એ વખતે કેટલાક લોકોએ વાંદરાને ધોલધપાટ કરી. વિડિયો ૧૯ ઓકટોબરનો છે.

છેલ્લા કેટલાક દિવસોથી હથીન વિસ્તારમાં વાંદરાઓના આતંકના પગલે લોકો હેરાન થઈ ગયા હતા. ખાસ કરીને એક વાંદરાએ લોકોને ઘણા હેરાન કરી મૂક્યા હતા અને ડઝનથી વધુ લોકોને બચકાં ભર્યા હતા. આથી સહુ ભયભીત હતા. એને પકડવા માટે ૧૦ દિવસથી પ્રયાસો થઈ રહ્યા હતા. છેવટે એ કામમાં સફળતા મળી.



વાંદરો પકડાઈ જવાની વાત ફેલાતા જ ઉત્સાહિત લોકો એને જોવા માટે મોટી સંખ્યામાં પકડનારની પાછળ-પાછળ ચાલવા માંડ્યા. હથીન નગરપાલિકાના મહિલા-અધ્યક્ષના પતિએ વાંદરાને પકડનારને ૫૧,૦૦૦નું ઈનામ આપવાની જાહેરાત કરી હતી.

લગભગ ૧૦ દિવસોના પ્રયત્નો પછી વાંદરો પકડાઈ ગયો. એ પછી એને રહેણાંક વિસ્તારથી દૂર લઈ જવાઈ રહ્યો હતો. એક વ્યક્તિ વાંદરાને પોતાની પીઠ પર બેસાડીને લઈ જઈ રહી હતી. એ વખતે લોકોની ભીડ એની પાછળ-પાછળ ચાલવા લાગી.

આ પૈકી કેટલાક લોકો વાંદરાને થાપડ મારી રહ્યા હતા. આ વિસ્તારની એક વ્યક્તિએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે પોતે સૂઈ રહ્યો હતો ત્યારે અચાનક વાંદરો એની પીઠ પર બેસી ગયો અને ગરદન પર હુમલો કર્યો.

એ માણસની ઊંઘ ઊડતા એણે લાઈટ ચાલુ કરી. એ પહેલા વાંદરાએ એને હાથ પર કરડી ખાધું હતું. એ પછી વાંદરો દરવાજામાંથી નીકળીને ભાગી ગયો. હથીનમાં વાંદરો પકડાઈ જતા લોકો ખૂબ ખુશ હતા.

### એપસ્ટીનનું ભૂત ફરી પાછું ધૂણ્યું

# હરદીપપુરીના એપસ્ટીન સાથેના ફોટાના પગલે વિપક્ષના સરકારને સવાલ

નવી દિલ્હી, તા.૨૧

**કોંગ્રેસ, ટીએમસી અને એનસીપી સહિત ઘણા વિપક્ષી નેતાઓએ પેટ્રોલિયમ મંત્રી હરદીપપુરી પર બાળકોની જાતીય સતામણીના ગુનેગાર જેફરી એપસ્ટીન સાથે મુલાકાતની તસ્વીર શેર કરી અને જવાબ માંગ્યો.**

## એપસ્ટીન સાથેના ફોટાના મુદ્દે કેન્દ્રીય મંત્રી ફરી પાછા વિપક્ષના નિશાના પર

વિપક્ષી નેતાઓએ પુરીના તે નિવેદન પર પણ નિશાન સાધ્યું કે તે એપસ્ટીનને એક પ્રતિનિધિમંડળના સ્વરૂપમાં મળ્યા હતા. કોંગ્રેસના પ્રવકતા સુપ્રિયા શ્રીનેટે તેમના આ દાવા પર સવાલ ઉઠાવ્યો હતો કે તે એપસ્ટીનને ક્યારેય આમનેસામને મળ્યા ન હતા.



તેમણે સવાલ ઉઠાવતા પૂછ્યુ હતું કે શું હરદીપપુરીએ તેમ જણાવ્યું ન હતું કે તે એપસ્ટીનને ક્યારેય એકલા નથી મળ્યા. મોદીજીને કયા પ્રકારના લોકો પસંદ છે અને તે પોતાની પાસે કેવા પ્રકારના લોકોને રાખે છે. ટીએમસીની મહુઆ મોઈત્રાએ આ વર્ષના પ્રારંભમાં એક મંત્રીના નિવેદનનો વિડીયો શેર કરતાં જણાવ્યું હતું કે હરદીપ પાજીએ અમને જણાવ્યું હતુ કે અમે એપસ્ટીનને એક પ્રતિનિધિમંડળના સ્વરૂપમાં ત્રણથી ચાર વખત મળ્યા હતા. હવે બાકીનું પ્રતિનિધિમંડળ મેજની નીચે છૂપાયેલુ છે.

એનસીપીના પ્રવક્તા અનીશ ગવાંડેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આ તસ્વીરો અત્યંત ગંભીર છે. કેન્દ્રીય મંત્રી હરદીપપુરીએ જવાબ આપવો જોઈએ કે તે જેફરી એપસ્ટીનને કેમ મળી રહ્યા હતા. પછી ભલેને તે રાજદૂતની રુએ કેમ મળ્યા ન હોય.

### શું દારુ પીધો છે? ઉત્તરાખંડના મંત્રીનો મેહંદીને સવાલ

# સિંગર દલેર મેહંદીને મંત્રીએ સ્ટેજ પર ટોક્યા, વિવાદ બાદ માફી માગી

દેહરાદુન, તા. ૨૧

**ઉત્તરાખંડમાં જાણીતા બોલિવૂડ સિંગર દલેર મેહંદીને લઈને વિવાદ સામે આવ્યો છે. દલેર મેહંદી સ્ટેજ પર પર્ફોર્મ કરી રહ્યા હતા ત્યારે જ રાજ્યના મંત્રી સુબોધ ઉનિયાલ સ્ટેજ પર પહોંચ્યા હતા અને મેહંદીને ખખડાવતા કહ્યું હતું કે શું તમે દારુ પીને આવ્યા છો? જોકે મંત્રીના આ વલણની બાદમાં ટિકા પણ થઈ હતી.**

## મેહંદીનું સ્વાસ્થ્ય ઠીક નથી, ઉત્તરાખંડના મંત્રીના વર્તનની બોલિવૂડ કલાકારોએ ટીકા કરી

ઉત્તરાખંડમાં ન્યૂ તેહરી ટાઉનમાં ૫૯ વર્ષીય દલેર મેહંદી સ્ટેજ પર્ફોર્મ કરી રહ્યા હતા, એવામાં અચાનક જ રાજ્યના મંત્રી સુબોધ ઉનિયાલ સ્ટેજ પર ચડી ગયા હતા અને માઈક હાથમાં લઈને સવાલ કર્યો હતો કે શું તમે દારુ પીધો છે? સ્ટેજ પર મોટા કલાકારને આ રીતે ટોકવામાં આવ્યા હોવાનો તાજેતરનો રેર મામલો માનવામાં આવે છે. જોકે બાદમાં બોલિવૂડ કલાકારો અનુપમ ખેર, વીર દાસ, ગાયક શાન, પલશ સેન, ગુરદાસ માન, અલિશા ચિનાઈ વગેરે દલેર મેહંદીના સમર્થનમાં આવ્યા હતા. અને મંત્રીને જવાબ આપતા કહ્યું હતું કે દલેર મેહંદીનુ સ્વાસ્થ્ય ઠીક નથી, જ્યારે રાજપાલ યાદવે કહ્યું હતું કે દલેર મેહંદી નશો નથી કરતા. ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રદેશ કમિટીના જનરલ સેક્રેટરી અમરજીત સિંહે કહ્યું હતું કે મંત્રીએ જાહેરમાં માફી માગવી જોઈએ. જ્યારે વિવાદ બાદ મંત્રી સુબોધ ઉનિયાલે કહ્યું હતુ કે દલેર મેહંદીનું સ્વાસ્થ્ય ઠીક નથી તેની મને જાણ નહોતી કરાઈ, મારો ઈરાદો કોઈને ઠેસ પહોંચાડવાનો નહોતો.





### ઓગસ્ટ ૨૦૨૫માં આ આંકડો ૧,૭૫,૦૦૦ હતો

# ઈમિગ્રન્ટ સામે ટ્રમ્પ તંત્ર બેફામ ત્રણ લાખ લોકોના વિઝા રદ કર્યા

વોશિંગ્ટન,તા.૨૧

**અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તંત્રએ તેમના બીજી ટર્મના શાસન દરમિયાન સપ્ટેમ્બરના અંત સુધીમાં ત્રણ લાખ વિઝા રદ કરી દીધા છે, એમ અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું. બીજી બાજુએ ફેડરલ ગવર્નમેન્ટ ઈમિગ્રેશન પર સતત ત્રાટકી રહી છે. આ આંકડા દર્શાવે છે કે ટ્રમ્પના તંત્રએ તાજેતરના અઠવાડિયાઓમાં વિઝા અંત કરવાની કાર્યવાહી કેટલી ઝડપી બનાવી છે. ઓગસ્ટ ૨૦૨૫ના અંત સુધીમાં વિઝા રદ કરવાનો આંકડો ૧,૭૫,૦૦૦નો હતો.**

## ટ્રમ્પ તંત્રએ બધા જ નિયમો નેવે મૂકીને વિઝા રદ કરવાની કાર્યવાહી કરી હોવાનો માનવ અધિકાર જૂથોનો દાવો

ટ્રમ્પનું કહેવું છે કે ઈમિગ્રેશન પર ત્રાટકવાના લીધે અને ડિપોર્ટેશન ડ્રાઈવના કારણે રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો થયો છે. જ્યારે માનવ અધિકાર કાર્યકરોનું કહેવું છે કે આ પ્રકારના ઈમિગ્રેશન ક્રેકડાઉનમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન થયું નથી.

વાણી સ્વતંત્રતાનો ભંગ કરવામાં આવ્યો છે, તેના લીધે અસલામત વાતાવરણ સર્જાયું છે. તેમા વંશીય લઘુમતીનો સમાવેશ થાય છે, જેમણે વંશીય પ્રોફાઈલ બનાવવા સામે સવાલ ઉઠાવવા આવ્યા છે.

છેલ્લા આંકડા સોશિયલ મીડિયા પર જણાવતા અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રએ અમેરિકન ઈતિહાસના કોઈપણ તંત્રની તુલનાએ સૌથી વધુ ઝડપે વિઝા રદ કરવાની કાર્યવાહી કરી છે.

પિગોટે જણાવ્યું હતું કે અમારા વહીવટીતંત્રએ નિયમ તોડનાર, ફ્રોડ કરનાર, રાષ્ટ્રીય સુરક્ષાને ભયમાં મૂકતા વિદેશીઓ સામે ઝીરો ટોલરન્સનો અભિગમ અપનાવ્યો છે.

ટ્રમ્પ તંત્ર દ્વારા આ પ્રકારે વિઝા રદબાતલ કરવાના પગલાનો મુખ્યત્વે પેલેસ્ટાઈન સમર્થક વિદેશી દેખાવકારોએ વિરોધ કર્યો છે. તેઓ ગાઝા પર અમેરિકાના સહયોગી ઈઝરાયેલના હુમલાનો વિરોધ કરી રહ્યા છે.આ ઉપરાંત તેવા વિદેશીઓ પણ છે જેમણે ચાર્લી કિર્ક પરના હુમલાને લઈને સોશિયલ મીડિયા પર ટિપ્પણીઓ કરી હતી.

વિદેશી દેખાવકારોને ડિપોર્ટ કરવાના પ્રયત્નોના ભાગરૂપે ટ્રમ્પ તંત્રએ ઈમિગ્રન્ટ્સ અને વિઝા અરજદારના સોશિયલ મીડિયા સ્ક્રીનિંગના નિયમો વધુ આકરા કર્યા છે.માનવ અધિકાર સમર્થકોનું કહેવું છે કે સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના નામે તેની ટીકા કરનારાઓના મોઢા બંધ કરાવી રહી છે. આ ઉપરાંત છેતરપિંડી સહિતના કોઈપણ ગુનાના છૂટાછવાયા કેસનો ઉપયોગ કરીને ઈમિગ્રન્ટ કમ્યુનિટીને ટાર્ગેટ બનાવે છે, જેવી કે મિનેસોટામાં સોમાલી અમેરિકન કમ્યુનિટીને ટાર્ગેટ બનાવી છે.

### ૫૦ હજારના બોન્ડ, શરતો સાથે કોકરોચ પાર્ટીના નેતાઓને જામીન

# કોકરોચ પાર્ટીના આશુતોષ, સૌરવ આઠ દિવસે તિહાર જેલમાંથી છૂટ્યા

નવી દિલ્હી, તા. ૨૧

**દિલ્હીના જંતર મંતરમાં પ્રવેશબંધી છતા પ્રવેશીને તિરંગો ફરકાવનારા કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્ને આઠ દિવસથી તિહાર જેલમાં કેદ હતા, જોકે અંતે બન્નેને જામીન પર છોડવામાં આવ્યા હતા. જોકે દિલ્હી પોલીસ હજુ પણ બન્નેને વધુ સમય સુધી કસ્ટડીમાં રાખવા માગતી હતી પરંતુ કોર્ટે આ માગ ફગાવી દીધી હતી. દિલ્હીના સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે આશુતોષ અને સૌરવને શાંતિ જાળવવા સહિતની શરતો સાથે જામીન પર છોડ્યા હતા.**

## શાંતિ જાળવવા, જંતર મંતરમાં પ્રદર્શન માટે લોકોને નહીં બોલાવવા, કોર્ટમાં હાજર રહેવાની શરતોનું પાલન કરવું પડશે

આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્નેએ ૫૦-૫૦ હજાર રૂપિયાના અંગત બોન્ડ સાઈન કર્યા હતા, સાથે જ જામીનદારો પણ રજુ કર્યા હતા, બન્ને યુવા નેતાઓએ શાંતિ ભંગ નહીં કરીએ અને કાયદો વ્યવસ્થા જાળવી રાખીશું તેવું લેખિતમાં આશ્વાસન પણ આપ્યું હતું. આ સાથે જ બન્નેએ એવી ખાતરી આપી છે કે જ્યાં સુધી જંતર મંતરને ફરી પ્રદર્શન માટેનું સ્થળ જાહેર કરવામાં ના આવે ત્યાં સુધી ત્યાં પ્રદર્શનો માટે કોઈને નહીં બોલાવીએ. મામલાની દરેક સુનાવણી સમયે બન્ને નેતાઓએ કોર્ટમાં હાજર રહેવું પડશે. અંતે જામીન પર બન્ને નેતાઓ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. વોટચોરી, કરોડો મતદારોના નામો યાદીમાંથી દૂર કરવા સહિતના આરોપોનો સામનો કરી રહેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા મુદ્દે હાલ કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ, વિપક્ષ અને વિદ્યાર્થી સંગઠનો આંદોલન કરી રહ્યા છે.

જામીન પર છૂટ્યા તે પહેલા પોતાની ધરપકડ અને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણય સામે આશુતોષ અને સૌરવ બન્ને દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યા હતા.

**તમે જેન-ઝી નથી, બેરિકેડ્સ લગાવાયા હોય તો તેનું પાલન કરવું પડે : આશુતોષ-સૌરવને હાઈકોર્ટની ટકોર**

જોકે હાઈકોર્ટે કહ્યું હતું કે તમે લોકોએ જામીન માટેના બોન્ડની શરતોનું પાલન નથી કર્યું, બેરિકેડ્સ ચોક્કસ હેતુ માટે લગાવાતા હોય છે. સુનાવણી સમયે હાઈકોર્ટે સૌરવ દાસ અને આશુતોષ રાન્કા બન્નેની ઉંમર પૂછી હતી, સાથે જ સવાલ કર્યો હતો કે જેન-ઝી કોને ગણવામાં આવે છે. જવાબમાં વકીલે કહ્યું હતું કે આશુતોષની ઉંમર ૩૨ જ્યારે સૌરવની ૨૭ વર્ષ છે. ૧૯૯૭ પછી જન્મેલાને જેન-ઝી કહેવામાં આવે છે. બાદમાં જજે કહ્યું હતું કે તો પછી આ બન્ને લોકો જેન-ઝી ના ગણાય. હાઈકોર્ટે બાદમાં કહ્યું હતું કે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ મામલાની સુનાવણી થવાની છે, તે બાદ પણ ન્યાયિક કસ્ટડી કે કાર્યવાહી સામે અપીલ કરી શકાય. બાદમાં આશુતોષ અને સૌરવે અપીલ પાછી લઈ લીધી હતી. જોકે બપોર બાદ મેજિસ્ટ્રેટ સમક્ષ સુનાવણી થઈ હતી અને બન્ને જામીન પર છૂટ્યા હતા.

### વિદ્યાર્થીઓ હીરોઝ સ્મારક પાસે એકત્ર થયા

# ઈન્ડોનેશિયામાં મોંઘવારી, જંગલોની આગ સામે યુવાનોનાં દેખાવો

જકાર્તા, તા. ૨૧

**જેમ જેમ વિશ્વનાં દેશોમાં યુવાનોનાં દેખાવો ચાલી રહ્યાં છે ત્યારે ઈન્ડોનેશિયા પણ આ યાદીમાં સામેલ થઈ ગયું છે. વધતી મોંઘવારી, જંગલોમાં લાગતી આગ અને ભ્રષ્ટાચાર સામે ઈન્ડોનેશિયાનાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતાં.**

## ભ્રષ્ટાચાર, સગાવાદને પણ સમાપ્ત કરવાની માંગ જકાર્તા સહિતનાં અનેક શહેરોમાં વિદ્યાર્થીઓ રસ્તા પર

આ દેખાવો એવા સમયે થઈ રહ્યાં છે જ્યારે ઈન્ડોનેશિયાનાં રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંટો અને ઉપ રાષ્ટ્રપતિ જિબ્રાન રાકાબુમિંગનાં વહીવટી તંત્રનાં બે વર્ષ સમાપ્ત થઈ ગયા છે.

દેખાવકારોએ ભ્રષ્ટાચાર, સાઠગાંઠ અને સગાવાદને સમાપ્ત કરવાની પણ માંગ કરી છે. જકાર્તા, યોગ્યાકાર્તા, બાંડુંગ, પેકનબારુ અને મકાસર જેવા શહેરોમાં યુવાનોએ દેખાવો કર્યા હતાં.

જકાર્તામાં યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ તુગુ તાની (હીરોઝ સ્મારક) પાસે એકત્ર થયા હતાં. આ વિદ્યાર્થીઓએ જંગલમાં લાગતી આગ પર અને મોંઘવારી પર અંકુશ મેળવવાની માંગ માટે દેખાવો કર્યા હતાં.

ઈન્ડોનેશિયાનાં જંગલોમાં વારંવાર લાગતી આગને કારણે ઝેરી ધુમ્મસ ફેલાયો છે, ફલાઈટમાં અવરોધ ઉભો થાય છે, સ્કૂલ બંધ કરવા પડે છે અને લોકોનાં આરોગ્ય સામે અનેક ગંભીર ખતરાઓ ઉભા થાય છે.

મીડિયા અહેવાલ અનુસાર સુમાત્રા, કાલીમંતન અને પાપુઆનાં જંગલોમાં લાગેલી આગ અલ નીનોની વચ્ચે સૂકા હવામાનને કારણે લાગી છે.

# ટીયર ગેસ વચ્ચે મ્યુઝિક : પેરિસનું ઓર્કેસ્ટ્રા ચર્ચામાં









પોલીસના ટીયર ગેસ વચ્ચે પણ સંગીતના સૂર ગુંજતા રહે, તો તે માત્ર એક સંગીતપ્રસ્તુતિ નથી રહેતી, તે વિરોધ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું પ્રતીક બની જાય છે. ફ્રાન્સની રાજધાની પેરિસમાં આવું જ દ્રશ્ય જોવા મળ્યું હતું. પ્લેસ દ લા રિપબ્લિક ખાતે વિદ્યાર્થીઓના આંદોલનના સમર્થનમાં મ્યુઝિક રજૂ કરવા ભેગા થયેલા ૪૦૦થી વધુ મ્યુઝિશિયન્સનું પ્રદર્શન ટીયર ગેસ અને પોલીસ કાર્યવાહી વચ્ચે ખોરવાયું હતું. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. જેના કારણે 'ઓર્કેસ્ટ્રા ડુ નુવો મોન્ડ'ના આર્ટિસ્ટ ચર્ચામાં આવ્યા.

**વિદ્યાર્થીઓના આંદોલન વખતે પોલીસે ટીયરગેસ છોડ્યો ત્યારે પણ ૪૦૦ ઓર્કેસ્ટ્રા મેમ્બર્સ મ્યુઝિક વગાડતા રહ્યા હતા**

**મ્યુઝિકની સાથે સામાજિક પરિવર્તનનો મેસેજ :** 'ઓર્કેસ્ટ્રા ડુ નુવો મોન્ડ'નો અર્થ 'નવી દુનિયાનું ઓર્કેસ્ટ્રા' થાય છે. આ ઓર્કેસ્ટ્રાનો એક મેનિફેસ્ટો છે. જેમાં, જાતિવાદનો વિરોધ, ફેમીનીઝમ, પર્યાવરણની સુરક્ષા અને ઈકોનોમીક ડેવલપમેન્ટના હાલના મોડેલના વિરોધનો સમાવેશ થાય છે. તેઓ માને છે કે, મ્યુઝિક ફક્ત ટ્રેનિંગ લીધેલા લોકો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. **કોણે આ ઓર્કેસ્ટ્રા શરૂ કર્યું ?** મ્યુઝિશિયન અને કંડક્ટર એટિયેન જારિયે આ ઓર્કેસ્ટ્રાના લીડર છે. તેમણે ૨૦૨૨માં 'ઓર્કેસ્ટ્રા ડુ નુવો મોન્ડ'નું રજિસ્ટ્રેશન એસોસિયેશન તરીકે કરાવ્યું હતું. **'બેલા ચાઓ'થી 'હંગર ગેમ્સ' સુધી :** ૧૭ ઓક્ટોબરના કાર્યક્રમમાં મ્યુઝિકની પસંદગી પણ ખાસ હતી. રિહર્સલની શરૂઆત 'બેલા ચાઓ' (Bella Ciao)થી કરવામાં આવી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈટાલીના ફાસીવાદ વિરોધી પ્રતિકાર સાથે જોડાયેલું આ સોંગ આજે પણ વિશ્વભરમાં વિરોધ અને સ્વતંત્રતાના પ્રતીક તરીકે જાણીતું છે. ત્યારબાદ તેમણે 'એવેન્જર્સ' ફિલ્મની જાણીતી ટ્યૂન રજૂ કરી હતી. ટીયર ગેસના કારણે કાર્યક્રમ ખોરવાયો ત્યારે તેઓ 'ધ હેંગિંગ ટ્રી' વગાડી રહ્યા હતા. આ સોંગ 'હંગર ગેમ્સ' ફિલ્મ સિરીઝ સાથે જોડાયેલું છે.

**તેમણે સરકાર વિરૂદ્ધ આંદોલન દરમિયાન Bella Ciao અને ધ હેગિંગ ટ્રી સોંગ્સ જેવા સોંગ્સ સાથે વિરોધ નોંધાવ્યો હતો**

---

બંનેએ હજુ સુધી કોઈ ફિલ્મ સાથે નથી કરી

## સૈફ અને પ્રિયંકાનું કોલબરેશન ફરી થતાં થતાં રહી ગયું

મુંબઈ, તા. ૨૧

બોલિવુડમાં દાયકાઓથી સક્રિય હોવા છતાં પણ પ્રિયંકા ચોપરા તથા સૈફ અલી ખાને ક્યારેય કોઈ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. હવે વર્ષો પછી રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે સૈફ સાથે પ્રિયંકાનો સંપર્ક કરાતાં બંને પહેલીવાર સાથે દેખાય તેવી તક ઉભી થઈ હતી. જોકે, પ્રિયંકાએ તારીખોના અભાવે આ ફિલ્મ છોડી દીધી છે. આમ ફરી પ્રિયંકા અને સૈફનું કોલબરેશન થતાં થતાં રહી ગયું છે.



એક તરફ મુંબઈમાં ભાયખલામાં આવેલા મ્યુઝિયમ ખાતે નિર્દેશક રિતેશ બાત્રાની ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે તો બીજી તરફ તારીખોના અભાવે આ ફિલ્મ છોડી દેનારી પ્રિયંકા ચોપડાના સ્થાને ફિલ્મની હિરોઈન નક્કી કરવા માટે બે એક્ટ્રેસ સાથે ફિલ્મમેકર્સની વાત ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

### રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે વાત ચાલી પણ તારીખોનો મેળ ન પડ્યો

---

કોન્સર્ટનો બહિષ્કાર કરવાનું એલાન પાછું ખેંચાયું

## સોનુ નિગમે કન્નડિગાઓની માફી માંગી લેતા હવે બેંગલુરુમાં કોન્સર્ટ યોજાશે

મુંબઈ, તા. ૨૧

એપ્રિલમાં એક એન્જિનિયરિંગ કોલેજમાં ફંકશન દરમ્યાન કન્નડ ગીત ગાવાની ના પાડવાના મામલે સર્જાયેલાં વિવાદને પગલે સોનુ નિગમ સામે એફઆઈઆર નોંધાવી તેનો બહિષ્કાર શરૂ કરવામાં આવતાં તેની ૨૪ ઓક્ટોબરે બેન્ગાલુરૂમાં યોજાનારી કોન્સર્ટ પણ ઘોંચમાં પડી હતી. હવે સોનુએ તેનો વિરોધ કરી રહેલાં કન્નડ આગેવાનને મળી એક હજાર વાર માફી માંગવાની તૈયારી બતાવતાં તેને માફ કરી દેવામાં આવતાં તેની કોન્સર્ટ આડે હવે કોઈ અવરોધ



રહ્યો નથી.

કર્ણાટક રક્ષણ વેદિકે નામના સંગઠનના નેતા ટીએ નારાયણ ગોવડાએ સોનુની કોન્સર્ટને મંજૂરી ન આપવાની વિનંતી બેન્ગાલુરૂ પોલીસને કરી હતી. જેને પગલે સોનુએ ગોવડાને મળી એક હજાર વાર સોરી કહેવાની તૈયારી બતાવતાં ગોવડાએ એક્સ પર તેને માફ કરી તેની સામેનો વિરોધ પાછો ખેંચી લીધો હતો.

ગોવડાએ જણાવ્યું હતું કે રાજ્ય બહારના અનેક ગાયકોએ કન્નડ ગીતો ગાઈ અમારી સંસ્કૃતિને સમૃદ્ધ કરી છે. સોનુ આ પરંપરાનો જ હિસ્સો છે.

### સોનુએ કન્નડ આગેવાનને મળી એક હજાર વાર માફી માંગવાની તૈયારી બતાવતાં મામલો થાળે પડ્યો

---

જાવેદ જાફરીના પુત્ર મિઝાનની કારકિર્દી હજી ડામાડોળ

## મિઝાન જાફરી અને મેધા શંકરની જોડી વેબ સીરિઝમાં સાથે આવશે

મુંબઈ, તા. ૨૧

જાવેદ જાફરીના પુત્ર મિઝાન જાફરીએ હવે વેબ સીરિઝમાં કામ કરવાનું સ્વીકાર્યું છે. મિઝાન જાફરી અને 'ટ્વેલ્થ ફેઈલ'ની હિરોઈન મેધા શંકરની જોડી હવે અલી અબ્બાસની એક્શન વેબ સીરિઝમાં સાથે જોવા મળશે. આ વેબ સીરિઝનું શૂટિંગ ઓક્ટોબરના અંતથી શરૂ કરવામાં આવશે.



મિઝાન જાફરીએ ૨૦૧૯માં 'મલાલ' ફિલ્મ સાથે કારકિર્દીની શરૂઆત કરી હતી. એ પછી પ્રિયદર્શનની કોમેડી ફિલ્મ 'હંગામા ટુ' અને છેલ્લે ૨૦૨૩માં 'યારિયાં ટુ' ફિલ્મ કરી હતી. હવે તે ડિજિટલ સ્પેસમાં એન્ટર થઈ રહ્યો છે. મેધા શંકરે પણ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પાંચ ફિલ્મો કરી છે પણ તેને 'ટ્વેલ્થ ફેઈલ' બાદ મોટાપાયે પ્રસિદ્ધિ મળી છે. મેધા શંકરની પહેલી ફિલ્મ 'શાદિસ્તાન' ૨૦૨૧માં આવી હતી.

### રોમાન્ટિક એક્શન વેબ સીરિઝનું શૂટિંગ ઓક્ટોબરના અંતથી શરૂ કરવામાં આવશે

---

ટાઈગર શ્રોફ ફિલ્મના સેટ પર હાજર

## ફાયરિંગના બે દિવસ બાદ ટાઈગરે ફિલ્મ શૂટિંગ શરુ કર્યું

મુંબઈ, તા. ૨૧

ગોળીબારની ઘટનાના બે દિવસ બાદ ૨૧મીથી ટાઈગર શ્રોફ ફિલ્મ શૂટિંગમાં ફરી વ્યસ્ત બન્યો છે. તે તેની ફિલ્મ 'લગ જા ગલે'ના સેટ પર પહોંચ્યો હતો અને રાબેતા મુજબ શૂટિંગ શરુ કર્યું હતું.



કરણ જોહરની ધર્મા પ્રોડકશન્સની આ ફિલ્મમાં ટાઈગર શ્રોફની સાથે જાહ્નવી કપૂર અને લક્ષ્ય કામ કરી રહ્યાં છે. આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૬માં શરૂ થયું હતું અને તેને એપ્રિલ સુધીમાં પુરી કરી દેવાની હતી પણ 'લક્ષ્ય'નો લુક બદલાઈ જતાં ફિલ્મનું શેડ્યુલ ઓક્ટોબર સુધી ખેંચાઈ ગયું હતું.

રાજ મહેતા નિર્દેશિત આ ફિલ્મને હવે ૨૦૨૭ના મે મહિનામાં રીલિઝ કરવાની યોજના છે. રાજ મહેતા અગાઉ 'જુગ જુગ જીઓ' અને 'સેલ્ફી' ફિલ્મોનું નિર્દેશન કરી ચૂક્યા છે.

### રોમેન્ટિક એક્શન ફિલ્મ લગ જા ગલે આગામી વર્ષે મે માસમાં રીલિઝ થશે

---

સિદ્ધુ મુસેવાલા હોય કે બાબા સિદ્દિકીની હત્યા હોય, કે પછી કપિલના કેફે અને ટાઈગર પરનો હુમલો બધું જ જેલમાંથી મેનેજ થાય છે

# જેલના સળિયા પાછળથી ચાલે છે લોરેન્સની બિશ્નોઈ કંપની !

ગત અઠવાડિયે એક્ટર ટાઈગર શ્રોફ ઉપર થયેલા જીવલેણ હુમલામાં બિશ્નોઈ ગેંગની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. બિશ્નોઈ ગેંગ દ્વારા જ આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. તે ઉપરાંત સલમાન સાથે કામ કરશે તેની આવી જ હાલત થશે તેવી ધમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ કેસમાં પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી છે અને આગળની તપાસ હાથ ધરી છે. મહત્ત્વની વાત એ છે કે, લોરેન્સ બિશ્નોઈ પોતે જેલમાં છે છતાં તેની ગેંગ આટલી પાવરફુલ રીતે ઓપરેટ થઈ રહી છે. તે જેલમાં જ રહીને આવા કામ પાર પાડી રહ્યો છે. તેના પાછળનો તર્ક અને આયોજન સમજવા જેવા છે. સૌથી પહેલાં તો તાજેતરના કેસ વિશે સમજ લેવી પડે. ઉલ્લેખનીય છે કે, ટાઉગર ઉપર રવિવારે સાંજે ૭ વાગ્યે મુંબઈમાં ફાયરિંગ થયું હતું. ઘટનામાં ટાઈગરના ડ્રાઈવર અને એક અન્ય વ્યક્તિને ગોળી વાગી હતી. ટાઈગર જ્યારે ફૂટબોલ રમીને પાછો ફરી રહ્યો હતો ત્યારે જ તેની કાર જુહૂના પુષ્પા પાર્ક પાસે રોકાઈ. અહીં તેને જોવા માટે ભીડ જમા હતી. આ દરમિયાન એક બાઈક ઉપર સવાર થઈને ત્રણ લોકો ત્યાં પહોંચ્યા અને ટાઈગરની કાર ઉપર પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું. આ ફાયરિંગમાં ટાઈગરને ગોળી વાગી નહોતી પણ કાચના ટુકડા તેને વાગ્યા હતા. બીજી તરફ ટાઈગરના ડ્રાઈવર અને અન્ય એક વ્યક્તિને ઈજા થઈ હતી. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા લોરેન્સ ગેંગના અનિલ પંડિતે આ ફાયરિંગ અને હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

> જેલમાં રહેવા દરમિયાન લોરેન્સની અલગ-અલગ રાજ્યોમાંથી આવેલા ગુનેગારો સાથે ઓળખાણ થઈ. આ જ ઓળખાણ દ્વારા તેણે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં એન્ટ્રી કરી. અહીંથી જ તેનું નેટવર્ક રાજ્યોની સરહદો વટાવી શહેર-શહેર ફેલાતું ગયું : લોરેન્સ બિશ્નોઈ ગેંગની સૌથી ખાસ વાત તેની મોડ્યુલ સિસ્ટમ છે. એટલે કે સમગ્ર નેટવર્ક કોઈ એક જગ્યાએથી ચાલતું નથી, પરંતુ અલગ-અલગ રાજ્યોમાં નાના-નાના ગ્રૂપ બનાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે આ મોડ્યુલમાં સામેલ ગુનેગારો એકબીજાને ઓળખતા પણ નથી. આ કારણે જો કોઈ એક મોડ્યુલ પર કાર્યવાહી થાય તો બાકીના નેટવર્ક પર તેની કોઈ અસર થતી નથી : આ ગેંગની કામ કરવાની રીત પણ પરંપરાગત નથી. પહેલાં ગુનેગારો સામાન્ય રીતે ફોન કોલ કે રૂબરૂ આવીને ધમકી આપતા હતા. પરંતુ આ ગેંગ શરૂઆતથી જ એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્સ, ઈન્ટરનેટ કોલિંગ સહિતના અન્ય ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરતી આવી છે. બીજી તરફ, સોશિયલ મીડિયાએ આ ગેંગને સૌથી વધુ વિસ્તરવાની તક આપી છે

હાલ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈ પંજાબના નાનકડા ગામમાંથી નીકળી કોલેજ રાજકારણ દરમિયાન ગુનાખોરીની દુનિયામાં પહોંચ્યો. પરંતુ કોઈપણ વ્યક્તિ માટે એકલા હાથે આટલું મોટું નેટવર્ક ઊભું કરવું સરળ હોતું નથી. પોલીસ અને તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, લોરેન્સની અસલી તાકાત માત્ર તેનું નામ નથી, પરંતુ અલગ-અલગ રાજ્યોમાં ફેલાયેલા તેના માણસો અને નાના-નાના મોડ્યુલ છે. આ જ કારણ છે કે ઘણા વર્ષોથી જેલમાં હોવા છતાં તેનું નામ સતત મોટા કેસોમાં સામે આવતું રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, લોરેન્સના નેટવર્કનો અસલ ફેલાવો તેના જેલમાં રહેવા દરમિયાન થયો. તમને એવું લાગતું હશે કે જેલમાં ગયા પછી કોઈ ગુનેગારની ગુનાહિત પ્રવૃત્તિઓ અટકી જતી હશે, પરંતુ ઘણી વખત જેલ ગુનેગારોના મળવાનો સૌથી મોટો અડ્ડો બની જાય છે.

જેલમાં રહેવા દરમિયાન લોરેન્સની અલગ-અલગ રાજ્યોમાંથી આવેલા ગુનેગારો સાથે ઓળખાણ થઈ. આ જ ઓળખાણ દ્વારા તેણે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં એન્ટ્રી કરી. અહીંથી જ તેનું નેટવર્ક રાજ્યોની સરહદો વટાવી શહેર-શહેર ફેલાતું ગયું. લોરેન્સ બિશ્નોઈ ગેંગની સૌથી ખાસ વાત તેની મોડ્યુલ સિસ્ટમ છે. એટલે કે સમગ્ર નેટવર્ક કોઈ એક જગ્યાએથી ચાલતું નથી, પરંતુ અલગ-અલગ રાજ્યોમાં નાના-નાના ગ્રૂપ બનાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે આ મોડ્યુલમાં સામેલ ગુનેગારો એકબીજાને ઓળખતા પણ નથી. આ કારણે જો કોઈ એક મોડ્યુલ પર કાર્યવાહી થાય તો બાકીના નેટવર્ક પર તેની કોઈ અસર થતી નથી. ઉલ્લેખનીય છે કે, લોરેન્સ બિશ્નોઈના નેટવર્કમાં સૌથી મોટું નામ સતિંદરજીત સિંહનું છે, જેને દુનિયા હવે ગોલ્ડી બ્રાર તરીકે ઓળખે છે. પંજાબના ફરીદકોટ સાથે સંબંધ ધરાવતા ગોલ્ડી બ્રારને ભારતે ડેઝિગ્નેટેડ ટેરરિસ્ટ (આતંકવાદી) જાહેર કર્યો છે. એવું કહેવાય છે કે ૨૦૧૭માં તે સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો અને હવે તે અમેરિકામાં રહી રહ્યો છે. ગોલ્ડી બ્રારે ૨૦૨૩માં કેનેડામાં થયેલી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અને મે ૨૦૨૨માં થયેલી સિદ્ધુ મૂસેવાલાની હત્યાની સોશિયલ મીડિયા દ્વારા જવાબદારી લીધી હતી. તેના નામે દિલ્હીના એક રેસ્ટોરન્ટ માલિક પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગવાનો અને ડ્રોન દ્વારા હથિયારોની દાણચોરી કરવાનો પણ આરોપ છે. એફબીઆઈએ તેના માથે ૫૦,૦૦૦ ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. કહેવાય છે કે લાંબા સમય સુધી લોરેન્સ બિશ્નોઈ ગેંગમાં રહ્યા પછી ૨૦૨૫માં તેણે 'રોહિત ગોદારા અને કાલા જઠેડી' નામે અલગ ગેંગ બનાવી લીધી છે.

આ ઉપરાંત બિશ્નોઈ ગેંગમાં અન્ય એક વ્યક્તિ પણ મહત્ત્વની છે, જેનું નામ છે અનમોલ બિશ્નોઈ. લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને તાજેતરમાં જ અમેરિકાથી ડિપોર્ટ કરીને ભારત લાવવામાં આવ્યો છે. પહેલીવાર ૨૦૧૨માં તેનું નામ હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટના કેસમાં સામે આવ્યું હતું. તેની પ્રથમ ધરપકડ ૨૦૧૭માં જોધપુરના એક વેપારી પાસેથી વસૂલાત અને ફાયરિંગના કેસમાં થઈ હતી. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨માં સિદ્ધુ મૂસેવાલા હત્યાકાંડ પછી તે નકલી પાસપોર્ટ દ્વારા જયપુરથી દુબઈ ભાગી ગયો હતો. ત્યાંથી તે કેન્યાના રસ્તે અમેરિકા પહોંચ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, અનમોલ બિશ્નોઈ સામે ભારતમાં ૩૧થી વધુ ગુનાહિત કેસ નોંધાયેલા છે, જેમાં રાજસ્થાનના ૨૦થી વધુ કેસ સામેલ છે. ઓક્ટોબર ૨૦૨૪માં એનસીપી નેતા બાબા સિદીકીની હત્યા કેસમાં તેનું નામ મુખ્ય ષડયંત્રકાર તરીકે સામે આવ્યું હતું. સલમાન ખાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ અને સિદ્ધુ મૂસેવાલા હત્યાકાંડમાં હથિયારો અને લોજિસ્ટિક્સ પૂરા પાડવાનો આરોપ પણ અનમોલ પર છે.

ત્યારબાદ રોહિત ગોદારા લોરેન્સ બિશ્નોઈ ગેંગની મહત્વની કડી છે. ક્યારેક મોબાઈલ રિપેરિંગનું કામ કરતો રોહિત મૂળ રાજસ્થાનના બિકાનેરનો રહેવાસી છે. હાલમાં તે વિદેશથી પોતાનું નેટવર્ક ઓપરેટ કરે છે. પોલીસના જણાવ્યા મુજબ, રોહિત ગોદારાએ ૨૦૧૦માં ગુનાખોરીની દુનિયામાં પગ મૂક્યો હતો. અત્યાર સુધી તેના વિરુદ્ધ ૩૦થી વધુ ગુનાહિત કેસો નોંધાયેલા છે, જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને લૂંટ જેવા ગુનાઓ સામેલ છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા અને કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવ સિંહ ગોગામડીની હત્યાની જવાબદારી રોહિત ગોદારાએ લીધી હતી. એપ્રિલ ૨૦૨૪માં સલમાન ખાનના ઘરની બહાર થયેલા ફાયરિંગમાં પણ તેનું નામ સામે આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોઈપણ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નેટવર્ક ચલાવવા માટે સતત પૈસાની જરૂર પડે છે. આ ગેંગની કમાણીનો સૌથી મોટો સ્ત્રોત ખંડણી છે, જે વેપારીઓને ડરાવી-ધમકાવીને વસૂલવામાં આવે છે. ઘણા કેસોમાં વિવાદિત પ્રોપર્ટીના ઉકેલના નામે પણ મોટી રકમ વસૂલવામાં આવી છે. આ ઉપરાંત, હથિયારોની દાણચોરી દ્વારા પણ આ ગેંગ પોતાની નાણાકીય જરૂરિયાતો પૂરી કરતી આવી છે. સૂત્રોનું માનીએ તો આ ગેંગની કામ કરવાની રીત પણ પરંપરાગત નથી. પહેલાં ગુનેગારો સામાન્ય રીતે ફોન કોલ કે રૂબરૂ આવીને ધમકી આપતા હતા. પરંતુ આ ગેંગ શરૂઆતથી જ એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્સ, ઈન્ટરનેટ કોલિંગ સહિતના અન્ય ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરતી આવી છે. બીજી તરફ, સોશિયલ મીડિયાએ આ ગેંગને સૌથી વધુ વિસ્તરવાની તક આપી છે. સોશિયલ મીડિયા દ્વારા આ ગેંગે શહેરે-શહેરે પોતાનું નામ પહોંચાડ્યું અને પોતાના નામનો ભય પેદા કર્યો.

વારંવાર એવો સવાલ ઊભો થાય છે કે જો લોરેન્સ બિશ્નોઈ ઘણા વર્ષોથી જેલમાં છે, તો તેનું નામ નવા ગુનાઓમાં કેવી રીતે સામે આવે છે? આ સવાલ પર તપાસ એજન્સીઓનો જવાબ છે કે કોઈપણ ઓર્ગેનાઈઝ્ડ નેટવર્કના ઓપરેશન માટે તેના મુખ્ય સૂત્રધારનું જમીન પર હાજર રહેવું જરૂરી નથી. ગેંગના અલગ-અલગ ગુનેગારો અને તેમના મદદગારો પોતપોતાના સ્તરે કામ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોર્ટમાં હાજરી કે પેરોલ પર બહાર આવતા ગુનેગારો મારફતે આવી ગેંગ પોતાના સંદેશા જેલની બહાર પહોંચાડે છે અને તેમના દ્વારા જ આ મેસેજ પાછા જેલ સુધી પહોંચે છે. આવા સંજોગોમાં જેલમાં મુલાકાતીઓ પર ગમે તેટલી નજર રાખવામાં આવે તો પણ તેઓ પોતાનું કામ પાર પાડીને નીકળી જાય છે.



## તિહાર જેલમાં કેદીઓ પાસે અવારનવાર મોબાઈલ મળતા જ આવે છે

સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈ ગેંગનું ઓપરેશન જેલમાંથી મોબાઈલ દ્વારા થાય છે પોલીસે આ મુદ્દે અને ખાસ કરીને કેન્દ્રીય તપાસ એજન્સીઓએ અવારનવાર આ મુદ્દે તપાસ કરી છે અને જેલમાંથી ફોન પકડ્યા છે. લોરેન્સ સાબરમતી અગાઉ તિહાર જેલમાં હતો. તિહાર એક એવી જેલ છે જ્યાં ભ્રષ્ટાચારનો ભોરિંગ ફુલ્યો ફાલ્યો છે.

અહીંયા જેલના કર્મચારીઓ દ્વારા કેદીઓને વિવિધ સુવિધાઓ આપવામાં આવતી હોવાના વારંવાર દાવા કરવામાં આવતા જ હોય છે. ગેંગસ્ટર જિતેન્દ્ર ગોગી અને સિંગર સિદ્ધુ મુસેવાલાની હત્યાનું કાવતરું જેલમાં જ ઘડવામાં આવ્યું હતું. જેલમાંથી જ મોબાઈલ દ્વારા સુચના આપવામાં આવતી હતી અને બંનેની હત્યા થયા બાદ જેલમાં જ ફોન દ્વારા સમાચાર પણ પહોંચાડવામાં આવ્યા હતા. જાણકારોના મતે માત્ર બિશ્નોઈ જ નહીં ઘણાં ગેંગસ્ટર અને હાઈપ્રોફાઈલ ગુનેગારો જેલમાં મોબાઈલનો ઉપયોગ કરે છે. સુકેશ ચંદ્રશેખર પણ જેલમાંથી જ ઠગાઈનું સમગ્ર નેટવર્ક ચલાવતો હોવાની બાબતો સામે આવી છે. ૨૦૨૨માં મુસેવાલાની હત્યા થઈ ત્યારે જેલમાં મોબાઈલ ઉપયોગમાં લેવાતા હોવાની ફરિયાદો આવી હતી. તે સમયે મુજાહિદ્દીનની એક આતંકી પાસે મોબાઈલ હોવાની તપાસ થતી હતી. તે દરમિયાન લોરેન્સ બિશ્નોઈ પણ મોબાઈલ વાપરતો હોવાનું ચર્ચામાં આવ્યું હતું. એક અહેવાલ પ્રમાણે તિહારની સેન્ટ્રલ જેલ નંબર ત્રણ ખૂબ જ સેન્સિટિવ ગણાય છે. તેમાં ૨૦૨૦થી ૨૦૨૫ સુધી વિવિધ સ્તરે કેદીઓ પાસે મોબાઈલ અને અન્ય ઉપકરણો તથા સાધનસામગ્રીઓની તપાસ કરવામાં આવી હતી.

તેમાં સામે આવ્યું કે, આ પાંચ વર્ષની તપાસમાં જેલમાંથી ૩૫૦ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેણે સિદ્ધ કર્યું કે, મોબાઈલનો ઉપયોગ માત્ર કોઈ એક ગેંગસ્ટર કે ગેંગ પૂરતો નહીં પણ પહોંચેલા તમામ ગુનેગારો દ્વારા કરાય છે. તેમાં જેલનો જ સ્ટાફ સંકળાયેલો હોવાનું માનવામાં આવે છે.

